
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

6702



SHRI ATMANAND PRAKASH



સ્વ. યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ

( સ્મરણાંક )

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૨
અંક ૨-૩

ભાદ્રપદ-આસો
સં. ૨૦૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ યુગવીર આચાર્યનો જીવનસંદેશ (શિક્ષણ અને સંગઠન) ... ... ... ... ૨૫
૨ આ. શ્રી વિજયઉદયસૂરીશ્વરજીએ આ. શ્રી વિજયસમુદ્રસૂરિ ઉપર પાઠવેલો પત્ર ... ૨૬
૩ આગમપ્રભાકર મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે શ્રી વિજયસમુદ્રસૂરિ ઉપર પાઠવેલો પત્ર ૨૬
૪ આચાર્યશ્રીના અમર આત્માને અંજલી ... ... ... (પાદરાકર) ૨૭
૫ ગુરુગર્ભિત સ્તુતિ ... ... ... ... ... (રાજહંસવિજયજી) ૨૭
૬ વલ્લભ સુમનાંજલી... ... ... ...(શ્રી બાલચંદ હિરાચંદ "સાહિત્યચંદ્ર") ૨૮
૭ તુમ હસત જગ રોય ... ... (નાગકુમાર મકાતી બી. એ. એલ. એલ. બી.) ૨૯
૮ યુગવીર વલ્લભને ખોતાં શું ખોયું ? ... ... ... ... (પાદરાકર) ૩૧
૯ આચાર્યદેવની જીવનપ્રભા ... ... ... ... (શાહ ફૂલચંદ હરિચંદ) ૩૪
૧૦ યુગવીર આચાર્ય... ... ... ... ...(ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ) ૩૬
૧૧ સમયજ્ઞ આ. વલ્લભસૂરિ : છેલ્લાં સંસ્મરણો ... ... (મોહનલાલ દી. ચોકસી) ૪૦
૧૨ એક અબધૂત ચાલ્યો જાય... ... ... ... (હરિલાલ દેવચંદ શેઠ) ૪૨
૧૩ શ્રદ્ધાંજલી ... ... ... ... ... (દિનેશ મિશ્ર પંડિત) ૫૧
૧૪ એવા ધર્મગુરુ આપણને ક્યારે મળે... ... ... (એચ. એ. કરકરીયા) ૫૨
૧૫ પંજાબકેસરી યુગવીર આચાર્યની અંતિમ યાત્રા... ... ૫૪
૧૬ ભાવનગરની અંજલિ ... ... ... ... ૫૬
૧૩ અમર અંજલિ ... ... ... ... ...(અમરચંદ માવજી શાહ) ટા. પે. ૩
૧૮ વિરહ કાવ્ય ... ... ... ... ...(મુનિરાજશ્રી વિનયવિજયજી) ,,


## આભાર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલીક શ્રી ભોગીલાલભાઇ નગીનદાસ, જેઓ આપણી સભાના લાઇફ મેમ્બર પણ છે, તેમના તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ સં. ૨૦૧૧ ના કાર્તિકી પંચાંગ સભાના સભાસદ બંધુઓ તેમજ "શ્રી જૈન આત્માનંદ પ્રકાશ" માસિકના ગ્રાહક બંધુઓને ભેટ આપવા માટે આવ્યા છે, તેઓશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે આભાર વ્યક્ત કરવામાં આવે છે.

## શ્રેષ્ઠીવર્ય શ્રી શંકરલાલભાઈ વીરચંદનો સ્વર્ગવાસ


શ્રીયુત શંકરલાલભાઇ સં. ૨૦૧૦ ના આસો શુદ ૧ ના રોજ પરમાત્માનું સ્મરણ કરતાં કપડવંજ પોતાના વતનમાં ૮૮ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ પામ્યા છે, તેઓશ્રી પરમ શ્રદ્ધાળુ જૈન હોવાથી નિરંતર સામાયક વગેરે કરતા હતા. ભરયુવાનવયે ચોથું વ્રત લીધું હતું. અને બારવ્રતધારી જૈન હતા. શ્રમણ સંસ્થાના ગુણાનુરાગી હોવાથી એક વખત દીક્ષા અંગીકાર કરવાના વિચાર થતાં કોઇ અંતરાય કર્મના ઉદયે અટકી ગયા હતા.

યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પરમ ભક્ત હતા. શ્રી શત્રુંજય તીર્થ ઉપર શેઠાણી માણેકબાઇના દેરાસરમાં તેઓશ્રી તેમના ટ્રસ્ટી હોઇ દેરાસર બંધાવી અને સં. ૧૯૫૨ માં તેની પ્રતિષ્ઠા પણ પોતે કરી હતી. પોતાની પાછળ સુપુત્ર વાડીલાલભાઇ, બે પૌત્રો અને ત્રણ પૌત્રીઓને ધર્મ સંસ્કાર આપી તેઓ સ્વર્ગે સિધાવ્યા છે. તેઓશ્રી આ સભાના ઘણા વર્ષોથી લાઇફ મેમ્બર હતા.

તેમના સ્વર્ગવાસથી એક ધર્મવીર પુરુષની સભાને ખોટ પડી છે, તેઓશ્રીના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્તિ થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**આચાર્યપ્રવર ૧૦૦૮ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ.**

| જન્મ (વડોદરા) | દીક્ષા (રાધનપુર) | આચાર્યપદ (લાહોર) | સ્વર્ગવાસ (મુંબઈ) |
|---|---|---|---|
| કાર્તિક સુદ ૨, ૧૯૨૭ | વૈશાખ સુદ ૧૩, ૧૯૪૩ | માગશર શુદ ૫, ૧૯૮૧ | ભાદરવા વદ ૧૦, ૨૦૧૦ |

[ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સૌજન્યથી ] [ સંસારની સ્થિરતા દરમ્યાન તા. ૧૭-૭-૧૯૫૪ ના રોજ લીધેલ તસ્વીર ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આચાર્ય શ્રીમદ્ વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ**

આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી પંજાબને સંભાળવાની ફરજ જેઓશ્રીએ ઉપાડી લીધી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૦. ■ ભાદ્રપદ : આશ્વિન—સપ્ટે. : ઓકટો. ■ પુસ્તક ૫૨ મું.
વિક્રમ સં. ૨૦૧૦. અંક ૨-૩


## યુગવીર આચાર્યશ્રીનો જીવન સંદેશ

## શિક્ષણ.................અને.................સંગઠ્ઠન

શાસ્ત્રોના ફરમાન મુજબ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે મોક્ષમાર્ગ કહેવાય છે. તેમાં જ્ઞાનનો મહિમા વિશેષ છે.

અમારી ભાવના ત્યારે જ બર આવી જાણીશ જ્યારે જૈન સમાજ એક "જૈન વિદ્યાપીઠ"ની યોજના કરી જૈન સમાજ, જૈન ધર્મ, જૈન તત્ત્વજ્ઞાન, જૈન સંસ્કૃતિ, જૈન સાહિત્ય અને જૈન ઇતિહાસને જનતાના ખોળામાં મૂકી જૈન ધર્મને વિશ્વધર્મ બનાવશે.

અમારી તો પ્રથમથી જ જ્વલંત ભાવના રહી છે કે જ્યાં સુધી "જૈન વિદ્યાપીઠ"ની યોજના મૂર્ત સ્વરૂપ નહિ લે ત્યાં સુધી આપણું ધ્યેય પૂરું સધાશે નહિ.

કાઠિયાવાડ અને મારવાડ-મેવાડમાં એક એક શાખા ખોલવાની જરૂર છે. પ્રયત્ન કરો તો બનારસમાં પણ એક શાખા થઈ શકે અને પછી તો મુંબઈના પરામાં એક કૉલેજ થઈ જાય, તો જૈન સંશોધકોને માટે ઘણું ઘણું થઇ શકે. આપણી કોમના સ્વરાજના ઘડતરમાં જૈન સમાજને વિદ્વાનો, લેખકો, વિવેચકો, વક્તાઓ, સેવકો અને સંશોધકો જોઇશે. જે આવી વિદ્યાપીઠ સિવાય શક્ય નથી. જૈન સમાજ જેવી સમૃદ્ધ કોમ માટે પૈસાનો પ્રશ્ન ગૌણ છે. સાચા એકનિષ્ઠ ધગશવાળા કાર્યકર્તાઓ જોઇએ.

વલ્લભવિજય

મારવાડના યુવક સંમેલને પોતાના દેશ-ધર્મ અને જાતિની ઉન્નતિ માટે જે પગલું ભર્યું છે તે ધન્યવાદને પાત્ર છે, પરંતુ સાચી ઉન્નતિ ત્યારે જ થશે જ્યારે તમે યુવકો પોતાના નેતાઓ-પંચોનો સહકાર સાધી કોઈ પણ રચનાત્મક કાર્ય કરો. હું જાણું છું કે કોઇ કોઇ વાતમાં વૃદ્ધવર્ગ અને યુવકવર્ગમાં એકતા નથી, પરંતુ તમારું કર્તવ્ય એ છે કે તમે પંચોને વિનયપૂર્વક સમજાવો કે અમે જ સમાજરૂપી નાવના ભવિષ્યના કર્ણધાર છીએ. તમે આજથી અમને આ કાર્યમાં રસ લેતા કરશો તો અમે ભવિષ્યમાં સમાજના આ જવાબદારીભર્યા કાર્યને સંભાળી શકીશું. આપ પંચોનું એ કર્તવ્ય છે કે આપ યુવકોના માનસને સમજી કલ્યાણના અને સમાજ-ઉત્થાનના કાર્યમાં અમને પ્રેમપૂર્વક ભાગ લેતા કરી અમારા ઉત્સાહને વધારો. જ્યારે અનુભવી વૃદ્ધવર્ગ તથા યુવક હૃદયો સાથે મળી કાર્ય કરશે ત્યારે સમાજની નવરચના થશે અને સમાજના ઉત્થાનમાં પ્રાણ પુરાશે.

એવું કયું કાર્ય છે કે જે એકતા સાધી ન શકે? એકતા કોને અદ્ભુત અલૌકિક શક્તિ નથી આપતી?

વલ્લભવિજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જેણે જૈનેતરોને પણ વીતરાગધર્મનો સિદ્ધાન્ત શીખવ્યો

[ આચાર્યશ્રી વિજયોદયસૂરિજીએ આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વર મહારાજશ્રી ઉપર પાઠવેલ પત્રમાંથી ]

જો કે આપણે દરેકને પણ છેવટે તે જ માર્ગે જવાનું છે, છતાં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસથી જરૂર જૈન સમાજને વર્ચસ્વી પુરુષની પ્રધાન ખોટ પડી છે. તેઓએ પોતાના જીવનમાં શ્રી વીતરાગધર્મની અને શાસનની ઘણી સેવાઓ કરી છે. પંજાબ વિગેરે અનેક દેશોમાં વિચરી અનેક જીવોને શ્રી વીતરાગધર્મ પમાડ્યો છે. અનેક જૈનેતરોને પણ વીતરાગ ધર્મનો અહિંસા સિદ્ધાન્ત શીખવ્યો છે. તેમજ જ્ઞાન, દર્શન અને ચારિત્રના તમામ ક્ષેત્રોમાં ઉપદેશ આપી શાસન-પ્રભાવનાનાં અનેક મહાન કાર્યો કર્યાં છે. અને જૈન તેમજ જૈનેતરોમાં સર્વત્ર સંપૂર્ણ યશ મેળવ્યો છે. તેઓનો ગુણાનુરાગનો ગુણ તેમજ સરળ સ્વભાવનો ગુણ જરૂર અનુકરણીય અને અનુમોદનીય હતો. છેવટે પણ શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં તેઓએ પોતાનો વિનશ્વર દેહ છોડ્યો.

તે ઘણી ઉત્તમ આરાધના અને ઉત્તમ સમાધિ સાથે પોતાના આત્માનું કલ્યાણ સંપૂર્ણ રીતે સાધી ગયા છે. તેઓના સ્વર્ગવાસથી અમારા આત્મામાં થયેલ સમવેદના માટે જેટલું લખીએ તેટલું ઓછું જ છે.

રાજનગર અખિલ ભારતીય મુનિ સંમેલનની પૂર્ણ સફળતા પણ પૂજ્યપાદ અમારા ગુરુમહારાજશ્રીજી તથા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ તેઓ બન્નેના અન્યોન્ય સંપૂર્ણ સહકારને આભારી હતી.

સં. ૧૯૭૬ થી અને તેમાં પણ મુનિ સંમેલન પછી તેઓશ્રીજીનાં બન્નેનાં અન્યોન્ય હૃદય ઉત્તરોત્તર પ્રેમ-પ્રકર્ષથી વિકસેલાં હતાં જેથી આજસુધી અરસપરસ આપણાં હૃદયો પણ તે જ ભાવનાથી ભરપૂર છે. અને તે જ રીતે હમેશાં શાસનદેવ રાખે એ જ અભિલાષા.

## ચમકતી પ્રભાવશાળી વિભૂતિનો લગભગ આજથી અંત આવી ગયો

[ આગમપ્રભાકર મુનિ મહારાજશ્રી પુણ્યવિજયજીએ આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વર મહારાજશ્રી ઉપર પાઠવેલ પત્રમાંથી ]

પૂજ્યપાદ શિરછત્ર પરમ ગુરુદેવ આચાર્ય ભગવાનના સ્વર્ગવાસના સમાચારથી અહીં આખા શ્રી સંઘને અને અમને સૌને ઘણો જ આઘાત થયો છે. આપને તો સવિશેષ થાય તેમાં કહેવાનું જ ન હોય તેમ છતાં ઝગમગતાં પુરુષો સંસારમાં આવી સતત કર્તવ્યપરાયણ જીવન પૂર્ણ કરી પરલોક સંચરે અને આખા વિશ્વને કર્તવ્યનું ભાન કરાવી જાય એ એક અપૂર્વ આનંદની જ વસ્તુ આપણને લાગે. આવા પુરુષની છત્રછાયામાં જીવવાનો લહાવો મળે અને આપ જેવાને તો એ લહાવો પૂર્ણપણે મળે, એ તો જીવનનો અપૂર્વ લહાવો છે અને આનંદજનક વસ્તુ છે. આપણે આવા પુણ્ય પુરુષની છાયાને પામ્યા અને તેમના દર્શનને પામ્યા એ જીવનની જ નહિ પણ અનેક જન્મોની સાર્થકતાની જ વસ્તુ છે.

આવા પુરુષની છાયા જતાં આપણને ક્ષણભર આંચકો લાગે જ, તે છતાં સંસારની દશાની તારતમ્યતાને ધ્યાનમાં રાખનારને સહેજે શાંતિ જ લાધે. આપને તો આ માટે વિશેષ લખવાનું જ ન હોય.

પૂજ્યપાદ આચાર્ય ભગવાનના સ્વર્ગવાસથી આખા શ્રી સંઘને ઘણી ભારે ખોટ પડી છે. એટલું જ નહિ પણ અખંડતાની દૃષ્ટિએ ભારતને પણ ખોટ પડી છે, એમ આજે સૌને લાગે છે. આચાર્ય ભગવાનના અવસાન થવાથી જૈન સંઘમાં ચમકતી પ્રભાવશાળી વિભૂતિનો આજની દૃષ્ટિએ લગભગ અંત આવી ગયો છે. આજે આખા સંઘમાં એક પણ એવી વિભૂતિ નથી કે જેનું નામ ગણતરીમાં આવે.

વય વગેરેની દૃષ્ટિએ કેટલીક વ્યક્તિઓ ભલે નજરે આવે, પણ સંઘના વ્યાપક કલ્યાણનો ઊંડો ખ્યાલ ધરાવનાર અને તે માટે અવિરત શ્રમ સેવનાર દૃષ્ટા તો આજે કોઈ જ રહ્યો નથી. એ મહાપુરુષ માટે આપણે શું બોલીએ? આપણી વાણી ખોટકાઈ જ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજીના અમર આત્માને

## ભક્તિ અંજલિ

( શ્રી. પાદરાકર–ભાવનગર )

આનંદ સરવર લહેરંતાં, એમાં પ્હાણુલો કોણે નાંખેલ હશે?
ધર્મામૃત પાન કરાવણ વલ્લભ, આભલ કેમ ઉડયા જ હશે?
નયણે વયણે ભરી આણેલ અમૃત, આવેલ, સંયમ શાંતિ સુહાવ્યાં હશે!
જગ લાડીલો પરિયાણે અમરપુરીને આંગણે આમજ ચાલ્યો જશે?
લેતો લહેરિયાં સાગર કાન્તિને આગર, સમભૂમિ પ્રાસાદ હશે!
નિજ આત્મવિલોકન મગ્ન, વિલેપન, આત્મને આંગણે ઊભા હશે!
એના શિષ્યો ને ભક્તો ઘેરી વળેલ એ જોગંધર ઘડિ સુતા હશે!
ત્યાં તો દેવોના દેવોએ દેવર્ષિને કરી સાન કંઇ સમજાવ્યા હશે?
વહી જતી એ મોઝમ રાત ટકોરા એના પડયા સંભળાયા હશે!
બ્રહ્મર્ષિ ઉઠી દેહચિન્તા કરે ત્યાં નોબતનાં ઘડિયાળાં બજે!
ઘડિ તેજ ઝબ્યાં ને પ્રકાશ થયો, હંસ દેહડાની પાંખ ઉખેલ હશે!
ઊડ્યો ઊડ્યો અમર પથ યુગવીર વલ્લભ જય મહાવીર ઉચ્ચરેલ હશે!
નહિં આહ! અરેરાટ, શાંતિ રંગેરંગ, પરિમલ દિવ્ય વહ્યા જ હશે!
ૐ શાંતિ હો, કાન્તિને સંઘ સુબુદ્ધિ પુષ્ટિ સહાય રહ્યા જ કરે!
એને કોડ કેળવણી ને સંપ-સમન્વય ધર્મ સંદેશ સુણાવ્યા હશે!
કરી પૂર્ણ જીવન કલા, સંકેલી આલિયે દિવ્ય પથ ડગ દીધાં હશે!
પૂરી રંગ આભલપે ઇન્દ્ર ધનુ તાણી ઇન્દ્રોએ આવી ઊભા હશે!
સત્કારેલ લાખોની આંખોનાં આંસુ ભાયખલા રેલાયાં હશે!
એવા દેવોને પ્રિય જનગણનો વ્હાલોડો યોગીસૂરી નભ ઉડયા હશે?
ભક્તિ અંજલિ હૈયાને પ્રાણ ભરી જૈન આલમ આત્મપ્રકાશ ભરે!

## गुरु गर्भित स्तुति

वल्लभसूरिमहाराज बसे दिलो जानमें।
सूरिजी का नाममें धरू लो अपने ध्यानमें ॥ १ ॥
चोकी पर गुरू जिस, वखत सजते वखानमें।
मानो अमृत के फूल थे, गुरू की जबानमें ॥ २ ॥
सूरजके निकलने की, खुशी हर जहानमें।
घूवड खुशी होता नहीं, सूरज के शानमें ॥ ३ ॥
चंदाके निकलने की, खुशी हर जहानमें।
चकवी चकोर रोते हैं, झुर झुर मेदानमें ॥ ४ ॥
ऐसे गुरु का गुरु, गान करूं, अपने ध्यानमें।
राजहंसविजय गावे, भक्ति के तानमें ॥ ५ ॥

—राजहंसविजय

For Private And Personal Use Only

# વલ્લભ સુમનાંજલિ

( કવિ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ )

( હરિગીત )

અજ્ઞાનનો જે તિમિરતરણી પ્રગટ થાય વડોદરે,
જે જળહળ્યો છે પંચગંગા દેશમાં જઈ આદરે;
જે પામિયો કિરણો ઘણા ન્યાયાંબુધિના ચરણમાં,
નિજ આત્મ તેજે પ્રગટ થાવે અખિલ ભારત દેશમાં. ૧
સહુ કામ ક્રોધાદિક રિપુ ગિરિકંદરામાં જઈ રહ્યા,
ને દ્વેષ છપ્યા અહંભાવો મૂર્ખ મનદરીમાં ગયા;
ઘૂમે સહુ પંજાબ ગુર્જર માલવા મરુભૂમિમાં,
જે કેસરી સમ ગર્જના કરતો ફરે સહુ દેશમાં. ૨
ઉઠો સહુ જાગૃત બનો ઉદ્ધાર સહુનો પામવા,
અજ્ઞાનતમનો નાશ કરવો ભાવ જેના ચિત્તમાં;
પ્રતિ નગરમાં પરબો ઉઘાડી જ્ઞાનગંગાવાહિની,
આમંત્રિયા સહુ યુવક જન તૃષ્ણા છિપાવા જ્ઞાનની. ૩
ધનવાનને ઢંઢોળિયા માર્ગો બતાવ્યા જ્ઞાનના,
આત્મોન્નતિને સાધવાના જૈનજન ઉત્થાનના;
વિદ્યાલયો છાત્રાલયો ગ્રંથાલયો સ્થાપ્યા બહુ,
ભણતા જનો અભ્યાસ જૈનો જ્ઞાનવાસિત હો સહુ. ૪
યુગવીર તે જે બ્રહ્મચારી દાખવે જિનમાર્ગને,
સ્યાદ્વાદ તેજે જે પ્રકાશી સંત બોધક સર્વને;
ધન ધાન્યથી સુખિયા થવા આરાધવા જિનધર્મને,
શ્રાવક જનોની ઉન્નતિનો ઓળખ્યો એ મર્મને ૫
હાકલ પ્રતિજ્ઞાની કરીને ભીષ્મસમ ધરી ધીરતા,
કર્તવ્ય માર્ગે વાળિયા સહુ વીરધર્મ સુધીરતા;
સહુ જૈનજન ફિરકા વિવિધના આખરે સુત વીરના,
હો માન્યતામાં વિવિધ માર્ગો ઐક્ય કેમ નહીં એહમાં ? ૬
આમંત્રિયા સહુને પરસ્પર ભિન્નતાને ટાળવા,
બેઠા ધરીને ભૂમિકા શ્રી વીરસંતાનો હતા;
નિજ ભિન્નતામાં ઐક્ય શોધો દ્વેષને સહુ ટાળજો,
ઉત્થાન સાધો જૈન ઝંડો વિશ્વમાં ફરકાવજો. ૭
એમ જૈનજન-ઉદ્યાન ખીલ્યો પુષ્પ ફલ પ્રસવો ઘણાં,
જગ બોધવાને શાંતિ સુખ ને સભ્યતાની સાધના;
વલ્લભ સહુના વિજયવલ્લભ કાર્યથી જીવો ઘણું,
જગમાં વધો બહુ જ્ઞાનરત બાલેન્દુની ઇચ્છા ભણું. ૮

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તુમ હસત જગ રોય

(લેખક:—**શ્રી નાગકુમાર મકાતી** બી. એ. એલ.એલ. બી. વડોદરા)

**જનની જણ તો ભક્ત જન, કાં દાતા કાં શૂર,**
**નહિ તો રહેજે વાંઝણી, રખે ગુમાવે નૂર.**

આ ઉક્તિ જાણે શ્રી વિજયવલ્લભસૂરિજીનાં માતુશ્રીએ પૂરેપૂરી સાચી પાડી ન હોય તેમ લાગે છે. વડોદરાની પુણ્યભૂમિમાંથી પ્રકટેલી આ વિભૂતિમાં ભક્તજનના, દાતારના અને શૂરવીરના બધા જ ગુણો એકી સાથે અભિભૂત થયેલા હતા.

વૈરાગ્ય અને ભક્તિ વિના સોળ સત્તર વર્ષની કાચી વયમાં પરિવ્રાજક થવાનો મનસૂબો થાય જ કેવી રીતે? પાર્થિવ ધનદોલતની દૃષ્ટિએ તેઓ દાતા નહિ હોય પરંતુ હૃદયના ઔદાર્યનું, માનવમાત્ર પ્રત્યેના વાત્સલ્ય ભાવનું અને જ્ઞાનનું તેમણે સતત દાન દીધા જ કર્યું છે. મનુષ્ય પોતાની પાસે જે હોય છે તેનું જ દાન કરે છે. વલ્લભસૂરિ પાસે આધ્યાત્મિક લક્ષ્મીનો સભર ભંડાર ભરેલો હતો અને તેમણે તે ઉદારતાપૂર્વક લુંટાવ્યો છે. તલવાર પકડ્યા વિના પણ માણસ શૂરવીર હોઈ શકે છે. સાચા શૌર્ય વિના અહિંસાની ખરી ઉપાસના શક્ય જ નથી. શ્રી વલ્લભસૂરિજીની સામે અનેક મોરચા માંડેલા, પરંતુ નિર્ભયતાની આ મૂર્તિ સાચા શૂરવીરના પેઠે પોતાના સિદ્ધાન્તો માટે ઝૂમી. શ્રી વલ્લભસૂરિજીની જનનીએ ભક્ત—દાતા—શૂરની ત્રિગુણાત્મક એક જ વ્યક્તિને જન્મ આપી પોતાનું અને જૈન સમાજનું નૂર સાચે જ વધાર્યું છે.

વીસમી સદીના પૂર્વાર્ધને જૈન સમાજ પૂરતો 'વલ્લભ યુગ' કહેવામાં આવે તો જરાય ખોટું નથી. બીજા કોઈ પણ સાધુ કરતાં આ યુગમાં તેમનું વર્ચસ્વ વધારેમાં વધારે રહ્યું છે. નવયુગની ભાવનાઓને પીછાણનાર, તેને વેગ આપનાર, આવી રહેલા યુગના એંધાણને ઓળખનાર, અને જૂના નવા મતનો સમન્વય સાધનાર સમયજ્ઞ તરીકે તેમનું સ્થાન અનોખું છે.

આત્મકલ્યાણની સાથે સાથે જનકલ્યાણને મહત્વ આપનારી વ્યક્તિઓ બહુ ઓછી હોય છે. **परोपकाराय सतां विभूतयः** એ સૂત્ર પણ તેમણે પૂરેપૂરું સાર્થક કરી બતાવ્યું છે. તેઓએ જોયું કે આ જગતમાં બે જાતના માણસો પાપ કરે છે. અજ્ઞાની અને ભૂખ્યા. **बुभुक्षितं किं न करोति पापम्!** માટે અજ્ઞાન અને બુભુક્ષિત દશા બન્નેને મારી હટાવવાં જોઈએ. શ્રી વલ્લભસૂરિ કેવળ વેદિયા ઉપદેશક નહોતા. પાપ કરશો નહિ, પાપ કરતાં વિરમો, એટલું કહેવા માત્રથી પાપમાંથી કોઈ વિરમતું નથી. માણસ શા માટે પાપ કરે છે તેનો તાગ કાઢી તેનો ઉપાય યોજનાર જ પાપ થતું અટકાવી શકે છે. જૈનો કેળવાયેલા હશે, તો તેટલે અંશે પાપ ઓછું કરશે.

પરંતુ જો તેઓ અજ્ઞાનમાં અટવાતા હશે કે દુઃખી હશે તો ઉપદેશની ધારા અસર થવાની નથી. એટલે સૌથી પહેલો તેમણે જ્ઞાનયજ્ઞ ઉપાડ્યો. જૈનો વ્યાવહારિક કેળવણીમાં પણ મોખરે રહેવા જોઈએ, તેમ નહિ બને તો તેઓનું સ્થાન પાછલી હરોળમાં જ હશે. આ સ્થિતિ સમાજઉદ્ધારકને પોષાઈ શકે નહિ, તેથી તેમણે સ્થળે સ્થળે કેળવણીની સંસ્થાઓ ખોલાવી. સ્કૂલો, હાઈસ્કૂલો, કોલેજો, છાત્રાલયો વગેરે યુનિવર્સિટીની તેમની ભાવના અધૂરી જ રહી. બધા જ જૈનોએ સાધુ થઈ જવું જોઈએ એમ માનનારા એક વર્ગે કેળવણીની સંસ્થાઓનો સખ્ત વિરોધ કર્યો, કેળવાયેલો વર્ગ સાધુઓનાં સ્થાપિત હિતોને આંખો મિંચીને ટેકો નહિ આપે, કેવળ અંધશ્રદ્ધાથી તે પોતાની પાછળ નહિ દોરાય એવી બ્હીકે કેળવણીની અને કેળવાયેલા વર્ગની ભાંડણનીતિ શરૂ થઈ અને કેળવણી સંસ્થાઓને પાયામાંથી ઉખાડી નાખવાનાં ચક્રો ગતિમાન થયાં; પરંતુ છેવટે આ બધું તોફાન શાન્ત પડી ગયું. શ્રી વિજયવલ્લભસૂરિજી આ બધા સામે એકલા હાથે ઝઝૂમ્યા અને છેવટે સત્યનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજય થયો. તેઓ નિઃસ્વાર્થ ભાવે, સમાજહિતાર્થે કામ કરી રહ્યા હતા એ સમાજ જોઈ શક્યો અને સમાજે તેમની પ્રવૃત્તિઓને આવકારી. રૂઢિચુસ્ત વર્ગ ભગવાન મહાવીર અને તેમના સિદ્ધાન્તોમાં અટલ શ્રદ્ધા ધરાવે છે. તેને કંઈ ડંખતું હોય તો તે ધર્મના નામે ચાલતો દંભ, આડંબર અને ખાલી ભપકો. તે ગુરુમાં પણ પાકી શ્રદ્ધા ધરાવે છે, પરંતુ સદ્ગુરુમાં, પાખંડીમાં નહિ. જેને જમીનને મસ્તક અડાડી ત્રણ ખમાસમણાં દેવા છે, તે વ્યક્તિ સાચે જ માનાર્હ હોવી જોઈએ, ખમાસમણાંને યોગ્ય હોવી જોઈએ. સાચો સાધુ નવયુગના આ માનસથી ડરતો નથી—તેને ડરવાનું કારણ નથી. શ્રી વિજયવલ્લભસૂરિ સમજી ગયા હતા કે નવયુગનો સાધુ વિદ્વત્તા અને ચારિત્ર્યની સુવાસથી મ્હેંકતો હોવો જોઈએ. તો જ નવયુગમાં તે આદરમાન પામી શકશે.

કુળવણીના પ્રશ્નને હલ કરતાં કરતાં સમાજના ઐક્યને માટે પણ તેમણે હાકલ કરી. જૈન સમાજમાં ' સીઝાતો ' વર્ગ વધતો જાય છે. આ સીઝાતાને ટટાર રાખવા તેમણે પ્રચંડ પુરુષાર્થ કર્યો. તેઓ એ પણ જોઈ શક્યા કે અનેક ટુકડાઓમાં વ્હેંચાયેલો સમાજ નિરર્થક ઝઘડાઓમાં પોતાનું જ નિકંદન કાઢશે. ભીષ્મપિતામહ જેવા વૃદ્ધ અને સંજય જેવી દૃષ્ટિવાળા આ મહાપુરુષે કાલાતટ ત્રૈનકરન્મન: મંચ ઉપરથી આહ્વાન કર્યું કે જૈન સમાજના ઐક્ય ખાતર હું મારું આચાર્ય પદ પણ છોડી દેવા તૈયાર છું. તેમની તેજવી ભાષાએ અને સહૃદયતાએ અનેકને ડોલાવ્યા. તેમના જીવનનાં છેલ્લાં વર્ષો સમાજનું ઐક્ય અને સીઝાતાનો ઉદ્ધાર આ બે મહા પ્રશ્નોના ઉકેલ પાછળ જ ખરચાયાં છે. સીઝાતાના ઉત્કર્ષની ટહેલ માટે તેમણે દૂધ છોડવા સુધીની પ્રતિજ્ઞા કરી.

તેઓ સાચા અર્થમાં વર્તમાન યુગમાં કેસરી સમાન હતા. તેમને પંજાબકેસરી કહેવા એ તો તેમનું અપૂર્ણાંક જેવું વર્ણન છે. જેમ તીર્થંકર આત્મકલ્યાણની સાથે સાથે માનવકલ્યાણ માટે ઉત્સુક થાય છે તે રીતે શ્રી વિજયવલ્લભસૂરિએ આત્મકલ્યાણની સાથે સાથે જનકલ્યાણ માટે પ્રબળ પુરુષાર્થ કર્યો છે. તેમના જીવનને સક્રિય સાધુ જીવન તરીકે ઓળખવું એ વધારે ઉપયુક્ત છે.

તેમના પાછળના વર્ષોમાં જ હું તેમના ઠીકઠીક પરિચયમાં આવેલો. તેમના સ્વભાવમાં બાળક જેવી સહજ રમતીયાળ વૃત્તિ જણાઈ આવતી હતી. સાધુ જીવન બાળક જેવું જ નિર્દોષ હોય. તેમની ભાષા તેજસ્વી હતી. તેમને સાંભળવામાં એક જાતનો સાત્વિક આનંદ આવતો હતો.

તેમના જેવા મહાત્માઓ પોતાનાં ત્યાગ, તપ, વૈરાગ્ય, વિશ્વવાત્સલ્ય, જ્ઞાન, પ્રતિભા આદિ ગુણોથી કોઈ એક સમાજના રહેતા નથી. પણ સારાયે વિશ્વની મિલકત બની જાય છે, તેમનું મુખ્ય કાર્યક્ષેત્ર ભલે જૈન સમાજ જ રહ્યો હોય, પરંતુ તેઓ સ્થૂલ સમાજ અને સામાજિક બંધનોથી પર હોઈ જૈન સિવાય ઇતર વર્ગના પણ તેઓ પૂજ્ય બની ગયા હતા.

જૂની પેઢીનાં રત્નો એક પછી એક વિલય પામતાં જાય છે. આ દાયકામાં જ પ્રતીમાએ સમ્રાટ્ સમા શ્રી નેમિસૂરિજી અને આગમોદ્ધારમાં પારંગત સમા શ્રી સાગરાનંદસૂરિજી આપણે ખોયા અને તેમની પાછળ શ્રી વિજયવલ્લભસૂરિજી ચાલી નીકળ્યા. આ ત્રણેની ખોટ ન પૂરાય તેવી છે. જૈન ગગનાંગણમાં નવા સિતારાઓનો ઉદય થાય એમ આપણે ઇચ્છીએ.

તેમણે ધર્મનો વિજય ધ્વજ ફરકાવ્યો હતો તેથી તેઓ ધર્મસમ્રાટ હતા; તેમણે અજ્ઞાની અને દીનદુઃખીયાના ઉદ્ધાર માટે અહાલેક પોકાર્યો હતો તેથી તેઓ પરદુઃખભંજક હતા. તેઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને જાણતા હતા તેથી યુગપુરુષ હતા. તેઓ જૈન સમાજનું ભાવિ જોઈ શક્યા હતા તેથી આર્ષદ્રષ્ટા હતા. તેઓ જૈન સમાજનું રત્ન, ગુજરાતનું ગૌરવ અને વડોદરાનું આભૂષણ હતા. વડોદરાવાસીઓનો મ્હેરો તેમનાથી વિશેષ ઉજ્જવળ હતો.

તેમનો ક્ષણભંગુર દેહ ભલે ગયો, તેમની યશઃકાયને જરા મરણનો ભય નથી. દીર્ઘજીવનયાત્રાનો સફળ યાત્રિક મર્યા છતાં અમર છે. એણે એવી કરણી કરી છે કે 'તુમ હસત જગ રોય.'

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યુગવીર વલ્લભને ખોતાં શું ખોયું !

શ્રી પાદરાકર.

**નિર્મળી દૃષ્ટિ, નસનસમાં, રમંતું વીરશાસન,**
**લાડીલો નંદ શારદનો, ક્લેશ દ્વેષ હુતાશન;**
**સૂરો જે સંત ને પૂરો, સત્ય સંત સનાતન,**
**ઉડ્યો આકાશ અણચિંત્યો, રાજહંસ મણિમય.**

જૂની પેઢીના આજ્વલ્યમાન જ્યોતિર્ધરો નિજ જીવન જ્યોતવડે જગતમાં પ્રકાશ પાથરી વિદાય લે છે. માનવોત્તર સંત મહાત્માઓ કોઇ ને કોઇ વિશિષ્ટ હેતુ (mission) લઇ આવે છે અને પ્રાણાર્પણે તે પૂર્ણ કરી પરવરી જાય છે. માનવ અને માનવોત્તર આત્મામાં ફરક એટલો જ હોય છે કે બન્ને જીવો માનવ તરીકે પણ વર્તે. ભિન્નરીતે, એકને જગતમાં લક્ષ્મી-સત્તા-સંતાન-યશ અને સ્વાર્થ પ્રાપ્ત કરવાં છે. જ્યારે માનવોત્તર આત્મા જગતકલ્યાણ, જગદુદ્ધરણ અને આત્મકલ્યાણ અર્થે આવે ને જાય છે. માન-અપમાન, યશ-અપયશ, સ્તુતિ-નિન્દા, સુખ-દુઃખ, હર્ષ-શોક એક સરખા તેમને લાગે છે ને તેઓ તે અપનાવી લે છે. એમનું કોઇ પણ કાર્ય-શ્વાસોચ્છ્વાસ પરાર્થે જ હોય. સુખ દુઃખની હેલ્કી કોઇપણ કળાવા ન દે. વિશ્વ સમસ્તના કલ્યાણચિન્તવનું અને સતત પરોપકાર-પરઉદ્ધરણ અને નિજાત્મદર્શનમાં મસ્ત રહે છે. પલટાતા જતા યુગનાં એંધાણ પારખે, હૈયાં વાંચે, અને તે પ્રવાહે અટલ પગે સિદ્ધાંતોને યોગ્ય સ્વરૂપે સદ્બોધે. વાણી અને વર્તન એક હોય. જીવન કુંદન સમાજના કસોટીએ કસાઇ સો ટચનાં છાપ પામ્યું હોય! શાંતિમતસહિષ્ણુતા સહજ-સાધ્ય હોય, મનોનિગ્રહ-આત્મવિલોપન-આંતરદર્શન અને સરળ સંયમ સાનનાં પ્રસન્ન મુદ્રા અફર હોય, શ્રોતાઓની પાત્રતા પ્રમાણે વક્તવ્ય હોય એવા મહાસંતો યુગે પાકે છે.

આવા જ એક માનવોત્તર મહાસંત આપણા વચ્ચે આવી, ઝબકી, ઉડી ગયા. આત્મજ્યોતિની લાલીમા પ્રસરાવી, વિશ્વકલ્યાણના મંત્રો ફૂંકી જીવનમુક્ત જેવા એ હતા. આચાર્યદેવ શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી એ ઉગ્યા ભારત ગગનાંગણમાં જ્ઞાનામૃતનો કુંભ ભરીને આવ્યા હતા એ, એણે એની પરબો માંડી, મુમુક્ષુઓ એ પરબે તૃષાતુર બની આવતા. ભક્તિભરી અંજલિ જોડી પીવા આતુર રહેતા ને તેમને એ અમૃત અમર કરતું.

શ્રી. વિજયધર્મસૂરિ, શ્રી બુદ્ધિસાગરસૂરિ, શ્રી વિજયનેમિસૂરિ, શ્રી. સાગરાનંદસૂરિ આદિ જૂની પેઢીના મહાસંત યોગીઓની પરબો હજી સુકાણી નથી ત્યાં આ પરબ મંડાયેલી, તે સુકાશે નહિ, બંધ થશે નહિ.

આચાર્યશ્રી જતાં ભારતવર્ષે એક એવા સંતને ખોયા છે કે તેનો જોટો જડવો મુશ્કેલ છે. સદ્ભાવ અને સર્વ વિશ્વ કલ્યાણની ભાવના; સમન્વય સંપ અને શાંતિનો એ હીરલો હતો. પરમસહિષ્ણુતા અને વિશાળ દૃષ્ટિ, ઔદાર્ય અને ગાંભીર્ય, આર્ષ દૃષ્ટા અને ક્રાન્તિનો સૃષ્ટા, જૈન બચ્ચો સુખી હોય એ ભાવનાને ચિન્તવી, તેની જ કેળવણી પ્રચારની ધગશ; સમાજનું ઉત્થાન અને જૈન યુનિવર્સીટીની તમન્ના, આત્મકલ્યાણ માટેની લયલીનતા અને નિજાત્માના નક્કર પહેરદારી, લેખન કવિત્વ અને વક્તૃત્વ શક્તિ સાથે તીવ્ર સ્મરણશક્તિ, જૈનાચાર્ય છતાં સર્વ દર્શનપ્રવિણ, એકતાના અડગ ઓલિયો તેવા જ સેવાભાવી સંત, જૈન સંઘ સમાજના હિતાર્થે નિજનાં આચાર્ય પદવી ત્યાગવા તત્પર તેવા જ આત્મવિલોપન માટે તત્પર, તપ ત્યાગ તિતિક્ષાના પ્રખર ઉપાસક તેવા જ યોગ, અધ્યાત્મ અને કર્મ-યોગના આચરનાર, વાણી વર્તનમાં એક તેવા જ જૈન શાસનના પહેરદાર, સૌથી પૂજાતા છતાં મહાન ગુરુભક્ત, ભક્તવત્સલ તેવા જ પ્રભુભક્ત, પરિશ્રમને પી જનાર અને શ્રીકરની ફાકીઓ કરનાર, બાલબ્રહ્મચારી તેવા જ વચનસિદ્ધ, ગુજરાતનું ગૌરવ અને પંજાબના પ્રાણ, વડોદરાનું રત્ન તેવા જ ભારતની ધર્મમૂર્તિ! ત્યાગવીર એવા જ યુગવીર! આવા પુરુષના કેટલા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણ ગણાય ? જે ગુણની જ મૂર્તિ હતા. એમના જતાં કવિસમ્રાટ શ્રી ન્હાનાલાલભાઈએ મહાન્ યોગી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીના સ્વર્ગગમન પ્રસંગે કહેલાં વેણ હૈયે ચઢી આવે છે: "એવા સાધુ જૈન સંઘને પચાસે વર્ષે લાધે તો જૈન સંઘનું સદ્‌ભાગ્ય." આજે લાગે છે કે બીજા વલ્લભસૂરિ શ્રી સંઘને સૈકે પણ લાધવા મુશ્કેલ છે.

પંજાબને ગુરુકુળો, હાઇસ્કુલો, છાત્રાલયોથી શણગાર્યું તો ગુજરાતને પાઠશાળાઓથી સમૃદ્ધ કર્યું. વિદ્યાલયોથી વિભૂષિત કર્યું, ઉદ્યોગાલયથી ઉન્નત મસ્તકે રાખ્યું તો સ્વામિભાઈઓને વિપદ્‌મુક્ત કરવા કમર કસી. જૈન કોલેજથી સંતોષ ન પામનારે જૈન યુનિવર્સીટીના મનોરથ સેવ્યા. પળેપળ આત્મા શાસન અને સમાજ માટે અર્પનારે સ્વર્ગગમન વખતે પણ અખૂટ શાંતિ રાખી. મૃત્યુ જેને જોઈ મોળું પડ્યું એવા મૃત્યુંજયે મરવાનું મન થાય એવા જગવલ્લભને ખોવા ન પાલવે એવા વખતે એ ન રોકાયા. કોણ જાણતું હતું સાગર તટે ચોપાટીની વીશ હજારની માનવમેદની શ્રોતાઓ વચ્ચે "આપ આપતું ઓપરેશન જરૂર કરાવો પ્રકાશ મળશે જ" એ પાદરાકરના શબ્દો સાંભળતાં જે અલૌકિક હાસ્ય એ મુખશ્રી પર લહેરાયું તે અલ્પજીવી હશે. આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજના સ્વર્ગગમન પ્રસંગની શોકસભામાં લાલબાગમાં તેઓ બોલ્યા હતા કે "યોગીનું મૃત્યુ વરેલા શ્રી બુદ્ધિસાગરસૂરિજી પોતાના જ્ઞાન, યોગ અને ચારિત્રથી જનતાના હૈયે અધિષ્ઠિત થયા છે. એમનું જીવનકાર્ય પૂર્ણ થયું. પ્રભુવીરના એ અડગ અદ્ભુત યોદ્ધાને દેવો અંજલિ અર્પશે" આજ એ મહાન્ યોગીના શબ્દો એમના માટે આપણે ઉચ્ચારવા રહ્યા. છતાંય શબ્દોના સાથીયા જૈન સમાજ માટે ઓછા પડશે. એને તો વીર વલ્લભ જોઈએ છે. વિદ્યાલયને કોણ વિશ્વવિખ્યાત કરશે ? ગુરુકુળનાં ગૌરવ કોણ વધારશે ? પાઠશાળાઓમાં પ્રાણ કોણ પૂરશે ? અનેક સંસ્થાઓ જૈન શ્વે. કોન્ફરંસના પ્રાણપ્રશ્નોના નિવેડા કોણ આણશે ? ટળવળતા ગુજરાતીઓ, રોતા પંજાબીઓ, સૌરાષ્ટ્ર મહારાષ્ટ્ર મરુધર અને લાટને કોણ ધર્મામૃત પાશે ? કર્તવ્યની હાકલ કોણ કરશે ? સમ્રાટ્ જેવું ચિર વિહારમાન પામનાર, ચંદનની ચિતાએ પોઢનાર, એ સંપ શાંતિ, સમન્વય અને સહિષ્ણુતાનો અલખમસ્ત ઓલીયો. વીર વલ્લભ ક્યાંથી મળશે ? એમની નિર્ભયતા, સ્પષ્ટ વક્તુત્વ, તત્વનિરૂપણ, આત્મરમણ, પરદોષવિસ્મરણ, સરસ્વતી કંઠાભરણ, સૌથી શીતલતા એ તો અનંત અવ્યાબાધ પરમ સુખની ઝંખનામાં આગળ ને આગળ પગલાં માંડી રહ્યા હશે પણ ભારત જૈન સંઘે ગુમાવેલો દિવ્ય જ્યોતિર્ધર, દીર્ઘદૃષ્ટા, શારદમંદિરોનો સૃષ્ટા, વીરધર્મના માર્મિક ઉપદેષ્ટા, ગયા જ. તેના વારસો–ભક્તો એમનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરે. એમના સ્મૃતિ ઈંટ માટી ને પાણીની કરવાને બદલે જીવંત સ્મારકો રચે. એમને નાણાંથી નહિ–હૈયાંથી માપે, શબ્દોની અંજલિ ન આપે–કર્તવ્યદીક્ષાની અંજલિ આપે. જય આત્મવીર વલ્લભ ! ૐ શાંતિ.

## એમણે કોમ કે ધર્મનો ભેદ જાણ્યો નથી

"એમના જીવન અને કાર્યની મારા ઉપર ઘણી સારી છાપ પડી હતી. જૈનોની દાનવૃત્તિને માત્ર ધાર્મિક સંસ્થાઓ ઉપરથી ખસેડી આચાર્યશ્રીએ કેળવણીના ક્ષેત્રમાં વાળી હતી. ખાસ કરી ગરીબ વિદ્યાર્થીઓને મદદ આપવા અંગે એમણે કોમ કે ધર્મનો ભેદ જાણ્યો નથી. બીજા સામાજિક સુધારાઓ અંગે પણ એમની વલણ પ્રગતિકારક હતી. એમણે ખાદીનો પોશાક ધારણ કર્યો હતો તેમ જ દારૂબંધી અંગેના પ્રચારકાર્યમાં પણ પૂરો સાથ આપ્યો હતો."

"આમ આચાર્યશ્રીના જીવનમાંથી અનેક લોકોએ જુદી જુદી રીતે પ્રેરણા મેળવી હતી. દેહવિલય બાદ પણ એ પ્રેરણા ચાલુ રહેશે એવી મને આશા છે."

શ્રી મોરારજી દેસાઈ
(મુંબઈ સરકારના મુખ્ય પ્રધાન)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આચાર્યદેવની જીવન–પ્રભા

શ્રી ફુલચંદ હરિચંદ દોશી

**સ્વ.** જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભ-સૂરીશ્વરજીની જીવન ઝરમર જૈન સમાજ અને જનતાને બોધ અને અનેકવિધ પ્રેરણા આપી જાય છે.

ક્યાં ગરવું ગુજરાત અને ક્યાં પંજાબની પુણ્યધરા. ઋણાનુબંધના દોર વિલક્ષણ છે. પ્રતિહાસ એને અજવાળે છે. અહાદત એના કણ્કણમાં ગૂંજે છે. વિક્રમ સંવત્ ૧૯૨૭ ની ભાઈબીજના સુંદર દિવસે વડોદરાના શ્રી દીપચંદભાઈને ઘેર ધર્મભીરુ સુલક્ષણા ઇચ્છાબાને પેટે એક બાળકે જન્મ લીધો. જી ભાંડુમાં નાનો આ બાળક. ફઈબાએ છગન નામ પાડ્યું.

છગનના જન્મ પછી થોડા સમયે પિતાજી સ્વર્ગે સિધાવ્યા. છ નાના બાળકોને ખોળામાં લઈ માતા બેઠી, થોડા વર્ષમાં માતાને પણ કાળના સંદેશ મળ્યા. છગનને માતાએ તીર્થંકરને શરણે જવા આખરી સંદેશ આપ્યો ને મા પણ ચાલી નીકળ્યા.

સં. ૧૯૪૨ માં સમર્થ સફળતાના ધારક પરમ પ્રતાપી સંવેગી સાધુતાના શહેનશાહ સમા શ્રી વિજયાનંદસૂરીશ્વરજી વડોદરા પધાર્યા. એમની પીયૂષ ધારાને પીને છગનને દીક્ષાર્થી થવાના કોડ જાગ્યા. મોટાભાઈની ઈચ્છા નાના છગનને દુકાને ગોઠવવાની અને તેના લગ્ન કરવાની હતી. છગનને સંસારના કીચડમાંથી નીકળવું હતું. આખરે શ્રદ્ધા ફળી. રાધનપુરમાં પૂ. આત્મારામજી મહારાજના મંગળ હસ્તે ૧૯૪૪ ના વૈશાખ શુદિ ૧૩ ના દિવસે જીવન-દીક્ષા લીધી. તપ, ત્યાગ અને અધ્યયન દ્વારા સતત સ્વાધ્યાય અને અખંડ ગુરુસેવા એ મંત્રોને પોતાના કર્યા, આત્મપ્રકાશ લાધ્યો. પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજે મોતીના પાણીને પારખ્યું. પંજાબની રક્ષા માટે કમર કસી રહેલા એ મહાન યોદ્ધાને પોતાના કાર્યને વેગ આપનાર વારસ લાધી ગયો. શિષ્યને પ્રેરણાના પાન કરાવ્યાં. પંજાબના ઉદ્યોતની દૃષ્ટિ આપી.

આચાર્યશિરોમણી શિરસમા ગુરુદેવે મૃત્યુશય્યા ઉપરથી, ગુરુભક્ત શિષ્યને પંજાબની રક્ષા અને સરસ્વતી-મંદિરો માટે આજ્ઞા ને આશીર્વાદ આપ્યા.

૧૯૫૨ ની જેઠ શુદિ સાતમની રાત્રિએ ઉજળો ચંદ્ર ઘનઘોર વાદળોમાં અદૃશ્ય થઈ ગયો.

ગુરુદેવનો સંદેશ ગામે ગામ, શહેરે શહેર, મંદિરે મંદિરે અને ઉપાશ્રયે પહોંચાડવા કેડ બાંધી વાણી-પ્રવાહ વહેતો મૂક્યો. સર્વસ્વ અર્પણની ભાવના ફળવા લાગી. ‘ પંજાબકેસરી ’ તરીકે પંજાબે બિરદાવ્યા, બે પાંચ નહિ, પચ્ચીસ પચ્ચીસ વર્ષ પંજાબ ખેડ્યો.

સરસ્વતી મંદિરોની ગુરુદેવની આજ્ઞાને મૂર્તસ્વરૂપ આપવા દેહના દમન કરી, પ્રતિજ્ઞાઓ લઈ, ગુજરાત–મુંબઈ–પંજાબ–મારવાડના દાનવીરો પાસે દાનની ગંગા વહેવડાવી, કોલેજો, ગુરુકુળો, વિદ્યાલયો, કન્યાશાળા, જ્ઞાનમંદિર, લાઈબ્રેરી, ઔષધાલય, બોર્ડીંગ, હાઈ-સ્કૂલો વગેરે જગ્યાએ જગ્યાએ ખોલાવી સમાજમાં પ્રકાશ પાથર્યો. અભયસત્રો ને ઉદ્યોગશાળાઓ પણ કરાવી.

શાસ્ત્રાર્થો પણ કર્યા, વાદવિવાદોમાં પણ જીત્યા, ધર્મચર્ચાઓ પણ કરવી પડી. શાન્તિસ્નાત્રો, પ્રતિષ્ઠાઓ, દેવમંદિરો, ગુરુમંદિરો, વગેરે કરાવી ધર્મનો ઉદ્યોત કર્યો. સાહિત્ય પ્રકાશનને વેગ આપી જૈન સાહિત્યને જગતના ચોકમાં મૂકવાનાં પ્રયત્નો કર્યા. વાણીના જાદુ તો એવાં કે હજારોની સભા મંત્રમુગ્ધ થઈ અમૃત-વાણીના પાન કરે. જૈન–હિન્દુ–મુસલમાન–આર્ય-સમાજી–શીખ–સ્થાનકવાસી–રાજા–મહારાજા અધિકારી વર્ગ તેમના ભક્તમંડળમાં વધતા ચાલ્યા. ગુરુદેવને લાહોરમાં ભારતભરના જુદા જુદા શહેરના હજારો માનવીઓ આચાર્ય પદવી આપે છે, તેની જવાબદારી સમજીને તે સ્વીકારે છે અને જૈનસમાજમાં પ્રાણ પ્રેરવા કટિબદ્ધ થાય છે. સમાજના સર્વોદય માટે તો આચાર્ય પદવીનો ત્યાગ કરી શાસનના વીર–સેવક બનવાની ઝંખના સેવતા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધ ખાદીની પ્રતિજ્ઞા આચાર્યશ્રીને વરેલી હતી. રાષ્ટ્રભાષાના પ્રચાર માટે તેઓશ્રીના પ્રયત્નો જાણીતા છે. તેઓ રાષ્ટ્ર અને ભારત ઉત્કર્ષના પ્રેમી હતા.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સને સાદડીમાંથી આશીર્વાદ આપેલ, ફાલના અને મુંબઈમાં તેને મજબૂત બનાવવા પ્રયત્નશીલ બનેલ. આત્માનંદ મહાસભા પંજાબના તેઓ સર્જક હતા. અને જગ્યાએ જગ્યાએ ગુરુદેવના નામની સંસ્થાઓ સ્થાપી સમાજની અનેકવિધ સેવા કરી રહેલ છે.

સંગઠન અને શ્રાવક શ્રાવિકા ઉદ્ધારની જે આગ ખુણેખુણે શરીરમાં જલતી હતી તેની કલ્પના પણ જૈન સમાજને નથી. પણ એ સંજીવની દ્વારા સમાજની કાયાપલટ કરવાની ઝંખના સમાજના ધુરંધરોએ જાણી છે, અને તેનો રચનાત્મક સ્વરૂપ આપવાના શ્રી ગણેશ મંડાવાની મહોર લાગી છે.

સાધુ સંમેલનો દ્વારા સમાજમાં એકતા અને શાંતિ સ્થાપવાના ગુરુવર્યના પ્રયત્નો જગજાહેર છે. જીવ્યા ત્યાંસુધી એ ભાવના જ્વલંત હતી.

સૌરાષ્ટ્રથી દક્ષિણ અને પંજાબ–મારવાડથી મુંબઈ સુધીના હજારો માઈલોના વિહાર દરમ્યાન લાખો જીવોને પ્રતિબોધી ધર્મના સંસ્કારો સીંચ્યા છે. જગ્યાએ જગ્યાએ સંપ કરાવ્યા છે. સમાજ-કલ્યાણની એક પણ તક જવા દીધા વિના અવિરત સેવાનો દીપ જલતો રાખ્યો છે. જેવા ક્રાન્તિદર્શી હતા તેવા જ શાન્તિના સારથી હતા. અમૃતના ઝરણાથી સમાજને અભિસીંચતા હતા.

ભારતના ભાગલાએ સર્જેલા હત્યાનાશમાં 'મારા સમાજના બચ્ચા બચ્ચાને સાથે લીધા વિના હું કદમ પણ ખસીશ નહિ' એ મક્કમ નિર્ધાર આપણા હાલબરનો હતો અને ક્ષેમકુશળ બધા આવી પહોંચ્યા ત્યારે જંપ્યા.

મુંબઈના શ્રી સંઘને પ્રાણપ્રેરક પ્રવચનોથી ૮૪ વર્ષની ઉમ્મરે એ યુગદ્રષ્ટા જ્વલંત ભાવના અને સમાજ કલ્યાણની તમન્નાના દર્શન કરાવી સમયનો સંદેશ આપી રહ્યા હતા.

શ્રી વિનોબા ભારતભરમાં ભૂમિદાન માટે પ્રેરણા કરી રહ્યા છે. તેમ આપણા 'વલ્લભ' સમાજ–શિક્ષણ–સાહિત્યના સમુદ્ધાર માટે "પૈસાદાન"નો આલબેલ જગાવી રહ્યા હતા. ભારતભરનાં જૈન સમાજના અને મુંબઈ–ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છના દાનનાં ઝરણાંઓ આ દિશામાં સવિશેષ વહેતા થાય તો આવતીકાલે જૈન વિદ્યાપીઠ, ભારત જૈન સેવાસંઘ, જૈન સંસ્થાઓનું એકીકરણ, જૈન સાહિત્ય પ્રકાશન, ઉદ્યોગ-કેન્દ્રો, ભોજનશાળા, ધર્મશાળા, સાધુ વિદ્યાલય, પુરાતત્ત્વ મંદિર-મ્યુઝિયમ થશે જ. જૈન ધર્મના પુનર્વિધાન દ્વારા જગતમાં વિશ્વશાંતિ સર્જાશે.

ગુરુવર્યનાં સંયમ આદર્શો, તપસ્વી જીવન, સર્વજન મંગળકારી ભાવના, આત્માની નિરંતર જાગૃતિ, સભર માનવતા, સાત્વિક ધર્મદૃષ્ટિ અને સંગઠનની તમન્ના ખરેખર અદ્ભુત હતા. પુનઃ પુનઃ વંદના કરવા પ્રેરે તેવા હતા.

સ્વ૦ જીવનને પગલે પગલે ભવ્ય ઉદાત્ત જીવનની સૌરભ મ્હોરતી હતી.

---

"પૂજ્ય આચાર્યશ્રી તો પ્રખર સુધારક હતા અને આખું જીવન સંસ્કાર અને શિક્ષણના ઉત્કર્ષ પાછળ આપ્યું હતું. પ્રાચીન સાહિત્ય અને શાસ્ત્રના સંશોધન અર્થે એક સંશોધન મંદિર આચાર્યશ્રીની પુણ્યસ્મૃતિમાં સ્થાપ તો આજની એક મોટી જરૂરિયાત પૂરી પડશે. તેઓશ્રીની ઉદારતા, સહિષ્ણુતા, પરમ ધાર્મિકતા અને લોકકલ્યાણપરાયણતા આપણને હંમેશા સત્યને પંથે દોરે એવી મારી પ્રાર્થના છે."

**શ્રી ઈંદુમતીબેન ચીમનલાલ**
ડેપ્યુટી મિનિસ્ટર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યુગવીર આચાર્ય : ટૂંકી જીવનરેખા

**ભાવનગરખાતે ત્રણે સાહિત્ય સંસ્થાઓના ઉપક્રમે મળેલ શેકસભા સમયે શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીએ આપેલ ભાષણનો સારભાગ.**

**— શ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી**

યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ જૈન શાસનના મહાન જ્યોતિર્ધર–પૂજ્ય પ્રભાવક હતા, જૈન શાસ્ત્રના ઊંડા અભ્યાસી હતા, તેમજ અન્ય દર્શન–શાસ્ત્રોનો તુલનાત્મક અભ્યાસ પણ તેઓશ્રીએ સારો કર્યો હતો અને એક વાદી તરીકે તેઓશ્રીએ સુંદર નામના મેળવી હતી. તેઓશ્રી કવિ હતા તેમ એક નીડર યુગદ્રષ્ટા પણ હતા. જૈન સમાજની આ મહાન વિભૂતિના પરિચયમાં હું વિશેષ પ્રમાણમાં આવેલ. તેઓશ્રીના સમાગમમાં આવવા બાદ ઘણું ઘણું મને જાણવાનું મળેલ છે, તેમજ ઘણા પ્રભાવિક પ્રસંગોનો મને પરિચય પણ થયો છે, એ તમામ પ્રસંગો અત્રે રજૂ કરવા બેસું તો ઘણો લાંબો સમય રોકાય. એટલે તેઓશ્રીને અંગે જે કંઈ જાણું છું તેમાંથી થોડી જીવન–રેખા આપની સમક્ષ રજૂ કરું છું.

આચાર્ય મહારાજનો જન્મ વડોદરામાં સં. ૧૯૨૭ના કારતક શુદિ ૨ ના રોજ થયો હતો. તેઓશ્રીનું સંસારી નામ છગનલાલ. લઘુવયમાં તેઓશ્રીને માતા–પિતાનો વિયોગ થયો. અંતસમયે માતાના એ શબ્દો હતા કે "બેટા ! હું તને તીર્થંકરના શરણે મૂકીને જાઉં છું" અને છગનલાલે ખરેખર તીર્થંકરનું શરણું લઈ પોતાના જીવનને નીડર–ધાર્મિક સંસ્કારોથી શોભાવ્યું, પોતાના વડીલ બન્ધુ ખીમચંદભાઈની છાયામાં તેઓ ઉછર્યા, પંદર વરસની કિશોર વયે જ તેઓશ્રીનું જીવન શાસનોદ્ધારના પંથે પડ્યું. એટલે એવું બન્યું કે આચાર્ય મહારાજ પૂજ્યપાદ આત્મારામજી મહારાજ વડોદરામાં પધાર્યા. એક દિવસના વ્યાખ્યાન શ્રવણથી છગનલાલના દિલમાં ત્યાગની ભાવના ઉત્પન્ન થઈ, ધાર્મિક સંસ્કારો તો માત–પિતાએ આપ્યા હતા. તેમાં પૂજ્ય ગુરુદેવની દેશનાએ એ સંસ્કારોને સતેજ કર્યાં અને ચારિત્ર અંગીકાર કરવાનો તેઓશ્રીએ મનથી નિશ્ચય કર્યો અને ગુરુદેવ સમક્ષ પોતાના વિચારો વ્યક્ત કર્યા.

છગનલાલના મુખ પર ચારિત્રનું તેજ હતું. જૈન શાસનનો ઉદ્ધાર કરવાની ભાવના હતી. ગુરુદેવે છગનલાલના મનનો ભાવ જાણી લીધો. આ ભાવનાને કસવી જોઈએ એ રીતે કસી લીધી. છગનલાલે પણ ગુરુદેવની સાથે શત્રુંજય તીર્થની યાત્રા કરી અને વહેલી તકે દીક્ષા આપવા માટેની ગુરુદેવ સમક્ષ વિનંતી કરી, ગુરુદેવે સમય પાકે એટલે ચારિત્ર આપવાનો જવાબ આપ્યો. આખરે સં. ૧૯૪૩ના વૈશાક શુદિ ૧૩ ના રોજ પૂજ્યપાદ શ્રીમદ્ આત્મારામજી મહારાજના વરદ હસ્તે, રાધનપુરખાતે તેઓશ્રીને ધામધૂમપૂર્વક દીક્ષા આપવામાં આવી. રાધનપુરખાતે ઉજવવામાં આવેલ આ દીક્ષા–મહોત્સવ ભવ્ય હતો. રાધનપુરના માટે એ ગૌરવભર્યો ઐતિહાસિક પ્રસંગ હતો, છગનલાલનું નામ 'મુનિ શ્રી વલ્લભવિજય' રાખવામાં આવ્યું અને તેઓશ્રીને પૂજ્ય આત્મારામજી મહારાજના શિષ્યરત્ન મુનિવર્ય શ્રી લક્ષ્મીવિજયજી મહારાજના શિષ્યરત્ન મુનિવર્યશ્રી હર્ષવિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા.

તેઓશ્રીનું નામ 'વલ્લભ' રાખવામાં આવ્યું તેમ ખરેખર તેઓશ્રી સૌના 'વલ્લભ' થતા આવતા હતા. સંસારી–અવસ્થામાં તેઓશ્રીના કુટુંબમાં તેઓશ્રી સૌના પ્રિયપાત્ર હતા. તેમ ચારિત્ર અંગીકાર કરવા પછી પણ તેઓશ્રી પોતાના સાધુપરિવારમાં સૌના પ્રિય બન્યા. પૂજ્ય આત્મારામજી મહારાજની તેઓશ્રી ઉપર પરમ કૃપા ઉતરી. દીક્ષા બાદ નવ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વરસ અને ચોવીશ દિવસ પૂ. ગુરુદેવની સમીપ રહેવાની મહામૂલી તક તેઓશ્રીને સાંપડી, તે દરમિયાન અપૂર્વ ગુરુભક્તિ અને વિનયપૂર્વક અભ્યાસ કરવાની તક પણ સારી મળી. જૈનાગમ, વ્યાકરણ, જ્યોતિષ અને જૈન સાહિત્યનો અભ્યાસ કરી તેઓશ્રી એક વ્યાખ્યાતા–વાદી અને સારા લેખક તરીકે તૈયાર થયા. પૂ. ગુરુદેવને પણ તેઓશ્રીના જ્ઞાન-તેજ માટે માન હતું.

પૂ. આત્મારામજી મહારાજ આ સમયે પંજાબને ઘડી રહ્યા હતા, પંજાબને માટે ખરેખર આ મંથનકાળ હતો. જુદા જુદા ધર્મના સંપ્રદાયો ધાર્મિક ઝગડામાં પડ્યા હતા અને સૌના ઝંઝાવાત વચ્ચે પંજાબમાં જૈન–સંસ્કૃતિનો પ્રચાર કરવાનું કપરું કાર્ય ગુરુદેવને કરવાનું હતું. એટલે ધર્મના વાદ–વિવાદો હમેશા ચાલતા જ હોય, ખંડન–મંડનનું વાગ્‌–યુદ્ધ શમે જ નહી. આ વિષમ વાતાવરણ વચ્ચે પણ જૈન ધર્મની વિજયપતાકા પંજાબમાં ગુરુદેવે ફરકતી રાખી હતી. જૈન ધર્મનો વધુ ને વધુ પ્રચાર ચાલુ જ હતો, જનતા પણ જૈન ધર્મનું હાર્દ સમજતી આવતી હતી, ગુરુદેવના દિલમાં એક ભાવના હતી કે પંજાબને જૈન ધર્મથી રંગેલ રાખવું હશે તો ભવિષ્યમાં તેજસ્વી મુનિવર્યની પંજાબને જરૂર રહેશે. 'વિજયવલ્લભ' ઉપર તેઓશ્રીની નજર ઠરી હતી અને તેઓશ્રીએ રીતે તેઓશ્રીને તૈયાર કરી રહ્યા હતા.

સં. ૧૯૫૨ માં પૂ. આત્મારામજી મહારાજની પંજાબના ગુજરાંવાળા શહેરમાં સ્થિરતા હતી, તેઓશ્રીનું શરીર અટક્યું. દેહની આશા છોડી દીધી અને પ્રથમ જેઠ શુદિ સાતમના તેઓશ્રી સ્વર્ગવાસ પામ્યા. ગુરુદેવ અંતસમયે ફરમાવે છે કે "મારું પંજાબ વલ્લભ તું સંભાળી લેજે." પંજાબમાં જૈન ધર્મનો વિજયધ્વજ ફરકતો રાખવાની, પંજાબમાં જૈન ધર્મનો પ્રચાર કરવાની, પંજાબને જૈનત્વથી ઓતપ્રોત કરવાની ફરજ 'વિજય વલ્લભ' ઉપર આવી પડે છે. અને વિવેકભર્યા નયને નમ્રભાવે પોતે ગુરુદેવને કહે છે કે "ગુરુદેવ આપની આજ્ઞા શિરોમાન્ય ગણવામાં આવે છે, મારાથી બનશે તેટલું પંજાબને માટે હું કરીશ." બસ ગુરુદેવનું પ્રાણ પંખેરું ઊડી ગયું.

પંજાબનો કેસરી સૂતો. આ. વિજયાનંદસૂરિજીનો નશ્વર દેહ પડ્યો, પંજાબે મહાન જૈન જ્યોતિર્ધર ગુમાવ્યો, અને પૂ. વલ્લભવિજયના દિલમાં પંજાબના ઉત્કર્ષની "ભાવ–જ્યોત" પ્રગટી, પંજાબને માટે તેઓશ્રીએ પ્રતિજ્ઞા લીધી કે—

( ૧ ) ગુજરાંવાળામાં ગુરુદેવની પુણ્ય–સ્મૃતિ જીવંત રાખવા માટે ગુરુદેવના નામનું સમાધિમંદિર બનાવવું.

( ૨ ) પંજાબમાં જૈન ધર્મનો વિશેષ પ્રચાર કરવો, અને જૈન ધર્મ ઉપર આવતા આક્રમણોનો સામનો કરવો.

( ૩ ) પંજાબ–મારવાડ કે જ્યાં જ્યાં શિક્ષણધામોની જરૂર જણાય ત્યાં શિક્ષણધામો ખોલવા.

( ૪ ) પંજાબના મુખ્ય–મુખ્ય સ્થળોએ જ્યાં જ્યાં જિનાલયો, ઉપાશ્રયો, જ્ઞાનપીઠ ન હોય ત્યાં ત્યાં જૈન ધર્મના સ્થાનકો ઊભા કરવા.

( ૫ ) શ્રાવક–શ્રાવિકા સંઘના ઉત્કર્ષ માટે બનતા પ્રયાસો કરવા.

( ૬ ) ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાના સાધન તરીકે જ્યાં જરૂર હોય ત્યાં શિક્ષણ સંસ્થાઓ, કોલેજ વગેરેની સ્થાપના કરાવવી.

( ૭ ) પંજાબને હંમેશા સંભાળી રહે તે માટે યોગ્ય શિષ્યો અને વ્યક્તિઓ તૈયાર કરવી.

આ. વિજયવલ્લભસૂરિજીએ આ પ્રમાણે સાત પ્રતિજ્ઞા લીધી અને પ્રતિજ્ઞા–પાલન માટે પોતે કર્તવ્યના પંથે પળ્યા.

પંજાબમાં આ સમયે આર્યસમાજી, સનાતનીઓ, સ્થાનકવાસી સંપ્રદાય, મૂર્તિપૂજક સમાજની સામે મોરચા માંડીને બેઠા હોય તેમ અવારનવાર આક્રમણો લાવતાં. આ આક્રમણો સામે ઊભા રહી વાતાવરણ નિર્મળ કરવાની ખાસ જરૂર હતી. એટલે આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પંજાબ છોડી શકે કે તેમ ન હતા. પોતાની કુશાગ્રબુદ્ધિ અને નીડર સ્વભાવથી તેઓશ્રી દરેક આક્રમણનો શાંતિપૂર્વક સાત્વિક સામનો કરી શક્યા અને આખરે તેમાં સફળતા પ્રાપ્ત કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના સતત પ્રયાસથી પંજાબમાં સ્થળે સ્થળે જિનાલયો સ્થપાયા, ધાર્મિક ક્રિયાકાંડ માટે ઉપાશ્રયો પણ બનાવરાવવામાં આવ્યા, અને દરેક ધર્મસ્થાનકો પોતાના પગભર નભી શકે તેવા બની ગયા. આમ પંજાબનું ધાર્મિક ચણતર બરાબર ચણાયા પછી તેઓશ્રીએ યુગપ્રચારને ઓળખી સમાજને શિક્ષણ તરફ વાળવાનો પ્રયાસ શરૂ કર્યો. તેઓશ્રીએ જમાનાની નાડ બરાબર પારખી અને એમ લાગ્યું કે સમાજને ટકાવી રાખવા માટે ઉચ્ચ વ્યવહારી શિક્ષણનો પણ પ્રચાર કરવાની એટલી જ જરૂર છે. જો વ્યવહારિક શિક્ષણ સમયે બરાબર ન લેવાય અને અજ્ઞાનતાનો અંધકાર દૂર નહી થાય તો જૈન સમાજ યુગપ્રવાહથી ખૂબ પાછો પડી જશે. એટલે તેઓશ્રીએ સ્થળે સ્થળે શિક્ષણ સંસ્થાઓ ખોલવાનો નિર્ણય કર્યો અને એ દિશામાં પોતાનો ઉપદેશ પ્રવાહ વહેતો મૂક્યો, અને અંબાલા શહેરમાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇના હસ્તે જૈન કોલેજની સ્થાપના કરી,

એક લાખ રૂપિયાના ખરચે ગુજરાંવાલામાં ગુરુમંદિરની સ્થાપના કરી હતી. ત્યાં પણ શિક્ષણસંસ્થાનો પાયો નાખ્યો. પંજાબના મુખ્ય મુખ્ય સ્થળો, જેવાં કે લાહોર, હોંશીયારપુર, માલેરકોટલા, ગુજરાવાલાં આદિ શહેરોમાં હાઇસ્કુલો, મીડલ સ્કુલો વગેરેની સ્થાપના કરી.

આમ પંજાબને જૈન સંસ્કૃતિથી રંગતા રંગતા તેઓશ્રી લાહોર પધાર્યા ત્યારે ત્યાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો હતો, અને ભારતભરના આગેવાન ગૃહસ્થોને બોલાવી પૂજ્ય વલ્લભવિજયજી મહારાજને આચાર્યપદથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. સુરીશ્વરજીએ પંજાબને માટે પ્રાણ પાથર્યા અને જૈન સંસ્કૃતિનો વાવટો ફરકતો રાખ્યો ત્યારે તેના બદલામાં પંજાબે સં. ૧૯૮૧ ના માગશર સુદ પાંચમ રોજ તેઓશ્રીને આચાર્ય પદવી આપી હતી, અને સમગ્ર પંજાબે "પંજાબકેશરી" ના બિરુદથી નવાજ્યા હતા.

આમ લાંબા સમય સુધી પંજાબની સેવા કર્યા બાદ તેઓશ્રી મારવાડ તરફ પધાર્યા. આ સમયનું મારવાડ એટલે શિક્ષણ-વિહોણો સુકો પ્રદેશ. ત્યાં ન હતી કોઇ શિક્ષણ સંસ્થા કે ન હતો શિક્ષણ માટેનો પ્રેમ. સૂરિજીએ વિચાર્યું કે મારવાડમાં શ્રદ્ધા છે, ભક્તિ છે, ધર્મને માટેનો પ્રેમ છે; પરંતુ એ ભક્તિ, એ શ્રદ્ધા અને એ ધર્મ પ્રેમમાં આત્માનું આંજણ નથી. જો સંસ્કૃતિનું જ્ઞાન મારવાડને આપવામાં આવે, તો મારવાડ જૈન સમાજ માટે ઘણું કરી શકે તેમ છે, એટલે મારવાડનું અજ્ઞાન દૂર કરવા તેઓશ્રીએ વરકાણામાં વિદ્યાલયની સ્થાપના કરાવી, પછી તો એક દિપક અનેક દિપકને પેટાવે તેમ મારવાડમાં શિક્ષણપ્રેમ વધતો ચાલ્યો અને ફાલના, ઉમેદપુર, સાદડી એવા અનેક સ્થળોએ શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી. આજે તો મારવાડમાં જૈન કોલેજની પણ સ્થાપના થવા પામી છે અને મારવાડ આચાર્યદેવની આ કૃપાથી આચાર્ય-દેવના ચરણે પોતાનું મસ્તક નમાવી "અજ્ઞાનતિમિરતરણી"-ના શબ્દોચ્ચારથી પોતાની અંજલિ અર્પી રહ્યું છે.

મારવાડમાં જે જે શિક્ષણ સંસ્થાઓ તેઓશ્રીએ સ્થાપી છે તે મેં નજરે જોઇ છે અને મારવાડના બાળકો જે પ્રેમપૂર્વક શિક્ષણ લઇ રહ્યા છે તે નજરે જોઇ મેં અપૂર્વ આનંદ અનુભવ્યો છે. વધારે ખુશી થવા જેવું એ છે કે તેઓશ્રીએ આ રીતે જ્યાં જ્યાં શિક્ષણ સંસ્થાઓ સ્થાપી છે ત્યાં ત્યાં વ્યવહારિક શિક્ષણની સાથે સાથે ધાર્મિક શિક્ષણનો ક્રમ પણ યોજ્યો છે. અને તૈયાર થતાં બાળકોમાં ધાર્મિક જ્ઞાન અને ધાર્મિક સંસ્કાર આપોઆપ આવી જાય છે. યુગની સાથે ઊભા રહીને ધાર્મિક ભાવના ટકાવી રાખવાનું આ પગલું ખરેખર ધન્યવાદને પાત્ર ગણાય.

મારવાડમાં આ રીતે જ્ઞાન પરબો બેસાડી તેઓશ્રી ગુજરાતના પ્રવેશદ્વાર સમા પાલનપુરમાં પધાર્યા. ત્યાં પણ કેળવણી ફંડની સ્થાપના કરી, અને ગુજરાત તરફ પધાર્યા. ગુજરાતમાં જ્યાં જ્યાં જે જે યોગ્ય લાગ્યું તે કરતા કરતા તેઓશ્રી મુંબઇ પધાર્યા.

આ સમયે ભારતમાં ઉચ્ચ શિક્ષણનો પ્રચાર વધતો આવતો હતો, અને ઉચ્ચ શિક્ષણ મેળવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે મોટા ભાગને મુંબઈ આવવું પડતું હતું. જૈનો આ વધતા જતા ઉચ્ચ શિક્ષણનો લાભ લઈ શકે તે માટે મુંબઈમાં સર્વ પ્રકારના સાધન સગવડવાળી એક શિક્ષણ સંસ્થાની જરૂરીયાત તેઓશ્રીને સમજાણી, મુંબઈના આગેવાનો પાસે તેઓશ્રીએ આ વાત મૂકી, અને "શ્રી મહાવીર જૈન વિદ્યાલય" ની સ્થાપના કરવામાં આવી.

આમ વિદ્યાલયની સ્થાપના કરવા પછી તેને પગભર કરવા માટે, તથા સમાજના અમુક વર્ગનો વિદ્યાલય સામે વિરોધ હતો તે શમાવવા માટે તેઓશ્રીને મુંબઈખાતે બે ચાતુર્માસ કરવાની જરૂર પડી. તેઓશ્રી ઝોળી લઈને ઘરે ઘરે ફરે તેમ વિદ્યાલય માટે ફર્યા, જનતાને જમાનાની જરૂરીયાત સમજાવી, અને વિદ્યાલય માટે સારું ફંડ એકત્ર કરી આપ્યું. આજે તો આ વિદ્યાલય મુંબઈ, અમદાવાદ, પુના અને વડોદરામાં પોતાનું સ્થાન જમાવી શકી છે. અને ઉચ્ચ શિક્ષણના અનેક અભ્યાસીઓ તૈયાર કરી જૈન સમાજનું ગૌરવ વધારી શકી છે.

મહાવીર જૈન વિદ્યાલયને હજુ વધુ વિકસાવવાની અને વિશ્વ–વિદ્યાલય બનાવવાની તેઓશ્રીના હૃદયમાં ભાવના હતી મુંબઈખાતેના તેઓશ્રીના છેલ્લા ચાતુર્માસ દરમિયાન પણ તેઓશ્રીએ વિદ્યાલયને માટે પાંચ લાખની ઉમદા સખાવત મેળવી આપવામાં અને એ રીતે વિદ્યાલયનો પાયો વધુ ઊંડો નાખવામાં અપૂર્વ સેવા બજાવી છે તે કદી ભૂલી શકાય તેમ નથી.

શિક્ષણપ્રચારની જેમ જ શ્રાવક–શ્રાવિકા વર્ગના ઉત્કર્ષ માટે તેઓશ્રી સતત ચિંતા રાખતા હતા, અને આ માટે પણ તેઓશ્રીએ કોન્ફરન્સને શુમારે પાંચ લાખનો ફાળો કરાવી આપ્યો હતો.

આચાર્યશ્રીએ પંજાબ, ગુજરાત, મારવાડ, મુંબઈ આદિ સ્થળોમાં પચીસ જેટલી મોટી શિક્ષણ સંસ્થાઓ કોલેજ, હાઈસ્કુલ, વિદ્યાલય વગેરેની સ્થાપના કરાવી છે, જે આજે જ્ઞાનની મોટી પરબ સમાન સુંદર સેવા બજાવી રહેલ છે, શ્રાવિકાશાળા, ઉદ્યોગમંદિર અને એવી સંસ્થાઓનું સ્થાપન કરાવવાનું તેઓશ્રી ભૂલ્યા નથી.

આચાર્યદેવ આમ યુગને ઓળખનાર હતા તેમ એટલા જ નિડર અને ક્રાન્તિકારી હતા. તેઓશ્રીના જીવનમાં નિડરતા અને ક્રાન્તિના અનેક પ્રસંગો બની ગયા છે. તે દરેક અત્રે રજૂ કરવા બેસું તો ઘણો વિસ્તાર થઈ જાય, એટલે એમાંના એક બે પ્રસંગનો વિચાર કરીએ.

પાકીસ્તાનમાં એક કમનસીબ પળે ભયંકર હુલ્લડ થયું હતું. ત્યાં વસતા હિન્દુઓના જીવન જોખમમાં હતા. આ સમયે આચાર્યદેવ પાકિસ્તાનમાં ગુજરાંવાલા ગામમાં હતા, ત્યાંથી વિચરી તેઓશ્રી હિન્દની સરહદ તરફ આવવાનો પ્રવાસ ખેડી રહ્યા હતા. સાથે પોતાનો શિષ્ય–સમુદાય હતો, સ્થાનકવાસી સંપ્રદાયનો સાધુ વર્ગ પણ સાથે હતો.

તોફાની ટોળાની દૃષ્ટિ આ સાધુ સમુદાય તરફ પડી, આરોયે સમુદાય જીવ સટોસટની ભયંકર પરિસ્થિતિમાં મૂકાઈ ગયો, તોફાની ટોળું તેઓશ્રી પર ત્રાટકે એટલી જ વાર હતી. આમ ભય અને વિષાદનું વાદળ ઘેરાયું, ત્યાં સોલ્જરની એક ટુકડીની દૃષ્ટિ આ મુનિ–સમુદાય તરફ પડી. ટુકડીના સેનાપતિને લાગ્યું કે આ નિર્દોષ સાધુઓને બચાવી લેવા જોઈએ. જો ગફલતમાં રહેશું તો મુસ્લીમોનું તોફાની ટોળું આ સાધુ–વર્ગને ભરખી જશે. ટુકડીના સેનાપતિએ આચાર્યદેવને વિનતી કરી કે–સામેથી તોફાની ટોળું ધસ્યું આવે છે, આપ આ વિમાનમાં બેસી જાઓ, વાર ન લગાડો, ગફલતમાં સમય જશે તો પરિણામ ભયંકર લાગે છે.

સૂરિજીએ પ્રત્યુત્તર આપ્યો કે–મારી સાથે મારા ધર્મબન્ધુઓ છે, આ સ્થાનકવાસી સમુદાયના સાધુ, સાધ્વી છે. મારો પરિવાર છે. તે સૌને પહેલા રક્ષણ આપો, પછી મારી વાત.

સમય બહુ અલ્પ હતો, માથે મરણ તોળાઈ રહ્યું હતું; છતાં સૂરિજીના મનમાં એક જ ભાવના હતી કે સાથેના ભાઈઓનો બચાવ પહેલા થવો જોઈએ. ત્યારબાદ સૌ છેલ્લા પોતે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આખરે તેમની નીડર ભાવનાનો વિજય થયો, અને સૌનું રક્ષણ થઇ ગયું.

વધુમાં ગુજરવાલામાં બિરાજમાન જિનપ્રતિમા અને કિંમતી જૈન સાહિત્યનો પણ બચાવ કરી તેઓશ્રીએ સલામત સ્થળે મૂકાવ્યા હતા.

આમ કટોકટીના સમયે સાથીદારોની રક્ષા માટે તેઓ મૃત્યુનો ભય પણ નીડરતાથી પચાવી જતા અને એક નીડર સાથીદાર તરીકે પોતાની ફરજ ગૌરવપૂર્વક બજાવી શકતા.

તેઓશ્રીની નીડરતાના એક બીજા પ્રસંગનો વિચાર કરીએ.

તેઓશ્રી મારવાડમાં વિચરી રહ્યા હતા, જંગલો વિંધીને વિહાર કરતા કરતા માર્ગમાં એક ટેકરી ઉપર એક વાઘ દેખાયો.

સાથેના શિષ્યોએ આ વાઘ જોયો, મનમાં ડર લાગ્યો, આગળ ચાલતા તેઓ થંભી ગયા.

આચાર્યદેવે જોયું કે શિષ્યો વાઘને જોઇને ડરી ગયા છે. તરત જ તેઓશ્રીએ નીડર ભાવે પડકાર કર્યો "કેમ ડરો છો? સાધુને મૃત્યુનો ભય શા માટે? ઉપસર્ગોનો સામનો કરવો એ સાધુનો ધર્મ છે, અને સામે વાઘ રહ્યો, તેનાથી ડરવાનું કોઇ કારણ નથી. જો પૂર્વ ભવનો કોઇ સંકેત હશે તો થવાનું હશે તે થશે."

આટલું બોલતાંની સાથે તેઓશ્રી નીડરતાથી આગળ આવ્યા અને જ્યાં વાઘ હતો તે ટેકરી તરફ પ્રયાણ કર્યું. સૂરિજી અને વાઘની દૃષ્ટિ એક બની અને વાઘ તરત ત્યાંથી ચાલતો થયો.

નીડરતાનો વિજય થયો, વાતાવરણ નિર્ભય થતા સર્વેએ વિહાર આગળ લંબાવ્યો. જીવનમાં મુશ્કેલીઓ તો અનેક આવેલી, તેની સામે નીડરતાથી ઊભા રહેવામાં જ માનવ જાતની કિંમત છે. હિંમતથી માણસ પહાડોના પહાડો ઓળંગી શકે છે. સૂરિજીના જીવનમાં નીડરતાના આવા ઘણાં પ્રસંગો ગુંથાયા છે. પણ તે રજૂ કરવાનો અત્યારે સમય નથી.

સૌરાષ્ટ્રમાં ભાવનગરનું સ્થાન ઉચ્ચ કક્ષાનું છે. ઉચ્ચ શિક્ષણની અનેક સંસ્થાઓ ભાવનગરમાં છે અને એ કોલેજોમાં અભ્યાસ કરવા માટે સ્થળે સ્થળેથી અનેક અભ્યાસકો અત્રે આવે છે. પરંતુ તેઓના માટે આપણી પાસે એક શિક્ષણ સંસ્થા નથી કે જે દરેક અભ્યાસીઓને પૂરતી સગવડ આપી શકે. મુંબઇની જેમ ભાવનગરમાં પણ મહાવીર જૈન વિદ્યાલય જેવી એક સંસ્થા ઉપસ્થિત થાય તો આપણા સૌરાષ્ટ્ર માટે જરૂરિયાતવાળી છે અને ભાવનગરમાં આવી સંસ્થાની જરૂર પણ છે. ભાવનગર ધારે તો તે કરી શકે તેમ છે. અત્રે એક "શ્રી આદિજિન વિદ્યાલય" કેમ ન બને?

આચાર્યદેવને અંજલિ આપવા આપણે એકત્ર થયા છીએ તો આચાર્ય દેવની મનોકામના એક વિદ્યાલય ઉપસ્થિત કરવાની હતી, એ સુંદર મનોકામનાને ભાવનગર જૈન સમાજ મૂર્તસ્વરૂપ આપવા ભાગ્યવંત થાય એવી શુભ ભાવના સાથે હું વિરમીશ.

---

"આચાર્યશ્રીએ કેળવણીના ક્ષેત્રમાં ખાસ કરીને ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરવામાં પુષ્કળ શ્રમ ઉઠાવ્યો હતો. તેઓની અભિલાષા યુનિવર્સિટી ઊભી કરવા માટે હતી. ગુજરાતમાં પુષ્કળ જૈન સાહિત્ય અણુખેડાયેલું પડેલું છે અને તે વિષે પ્રયત્ન કરવાની જરૂર છે. આશા છે કે જૈન સમાજ આચાર્યશ્રીના ઉપદેશોને યાદ રાખીને આ દિશામાં ઘટતા પ્રયત્ન કરશે."

શ્રી દિનકરરાવ દેસાઇ

કાયદા અને કેળવણી ખાતાના પ્રધાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમયજ્ઞ આ. વલ્લભસૂરિ : છેલ્લાં સંસ્મરણો...........

* * * * * * * * * * * મોહનલાલ ચોકસી * *

(૧) શ્વે. કોન્ફરન્સનું સુવર્ણ અધિવેશન ખરેખર અજોડ લેખાય એવી રીતે મુંબઈના આંગણે ઉજવાયું હતું. એમાં ભાગ લેનાર સૌ કોઈનો એ અભિપ્રાય હતો. એ વેળા શ્રાવક-શ્રાવિકા ઉત્કર્ષ ફંડ માટે સદ્ગત આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીની પ્રેરણાત્મક વાણી જે રીતે વહી રહી હતી એ જીવનભર યાદ રહે તેવી હતી. કોન્ફરન્સના સ્થાપક અને 'પિતા' જેવા માનસૂચક બિરુદને ધારણ કરનાર શ્રીયુત ગુલાબચંદ ઢઢ્ઢા સાહેબનું સન્માન એ નોંધનીય પ્રસંગ. સંખ્યાબંધ ધક્કા ખાનાર, અને જેનું જીવન હતું ન હતું થવાના ચોઘડીઆ એક કરતાં વધુ વાર ગણાતા હતા, એવી તેઓશ્રીની આ વહાલી સંસ્થાને નવપલ્લવિત થતી અને પ્રગતિના પંથે પળતું જોવાનો પ્રસંગ જેમ આખરી હતો તેમ હૃદય ઉલ્લાસક હતો. આ સર્વની પાછળ સ્વર્ગસ્થ સૂરિ મહારાજની એકધારી લગન કામ કરી રહી હતી. તેઓશ્રી મુંબઈના આંગણે આવ્યા ન હોત તો આમાંનું કંઈ જ કલ્પના પામત નહીં. અયોધ્યાની શોભા પાછળ 'રામ'નું વ્યક્તિત્વ અને પ્રભુત્વ જેમ ન વીસરી શકાય તેમ ઉપરના પ્રસંગ પાછળ પૂજ્ય વિજયવલ્લભસૂરિજીને હરગીજ ન ભૂલી શકાય. માથે આવી રહેલ ચોમાસું અને બજારોમાં પથરાયેલી મંદીની અસર કાર્યકરોને ઓછી મૂંઝવી નહોતી રહી ]

× × ×

(૨) શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયમાં આચાર્યશ્રીનું ચોમાસું એ પણ ઓછું યાદગાર નહીં રહે. લાઉડસ્પીકર દ્વારા અંતરના ઊંડાણમાંથી પ્રગટ થતાં ઉદ્ગારોએ અદ્ભુત ચમત્કાર કર્યો છે. કેટલાક ટંકશાળી વચનો 'વલ્લભ વાણી' નામા પુસ્તકમાં સંઘરાયા છે. જાતજાતની પ્રેરણા લહરીના જોરે સાહિત્ય પ્રચારની દિશામાં શ્રી ગોડીજી જ્ઞાનભંડાર અને આત્માનંદ જૈન સભા-મુંબઈ દ્વારા સુંદર પગલા ભરાયા છે. દેશ આઝાદ થયો અને રાષ્ટ્રભાષા હિંદી બની એ તો જાણીતી વાત છે પણ ગુજરાતના આ બાળકે પૂજ્ય આચાર્યશ્રી વિજયાનંદસૂરિજીના ચરણમાં જાત સમર્પણ કરી, એ ભાષાને અપનાવી લીધેલી અને દેશકાળ ઓળખી પારખી એમાં ગ્રંથપ્રકાશન કરવાનો ઉપદેશ દીધો. એના ફળસ્વરૂપે પ્રગટ થનાર કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રસૂરિકૃત 'ત્રિષષ્ટિ-શલાકાપુરુષચરિત' અને 'જૈન તત્ત્વાદર્શ' તેમજ 'શ્રી શત્રુંજયમાહાત્મ્ય' હિંદી અનુવાદ જોવા તેઓશ્રી જો કે નથી રહ્યા, છતાં તેઓશ્રીની એ પ્રેરણા જૈન-જૈનેતર સમાજમાં જીવંત રહેવાની.

× × ×

(૩) ધારણા મુજબ આપબળા ફંડમાં પાંચ લાખની ટેક પૂરી ન થયેલી એનું તેઓશ્રીને મનનાં દુઃખ હતું જ, છતાં આંખનાં તેજ અવરાયેલા એટલે તેઓશ્રી એની યાદ આપ્યા છતાં ચોમાસામાં વધુ કંઈ ન કરી શક્યા. એની પૂર્ણતા કાજે દૂધ તજવાની પ્રતિજ્ઞાનો નિર્દેશ જાણીતો છે, પણ એથી રાહતનું કાર્ય મુલતવી ન રહે એ કારણે આમ જનસમૂહ સામે અને સ્વયંસેવકો આગળ પૈસા ફંડની યોજના રજૂ કરી. એ દ્વારા લગભગ નવ હજારનું ફંડ જોતજોતામાં થયું અને સેવાભાવી ભાઈઓની એ સમિતિએ એ ફંડ મારફતે ભાઈ-બહેનોની સંખ્યાને રાહત આપી તેમજ કામ આપ્યું. તે જુદા જુદા સમયે પત્રિકાદ્વારા સમાજ આગળ રજૂ થયેલ છે અને હેવાલરૂપે ટૂંક સમયમાં પ્રગટ થનાર છે. નાનકડી જણાતી આ યોજના ઉમંગભેર ઉપાડી લેવાય અને એમાં નાના-મોટા સૌ કોઈ અંતરના ઉમળકાથી જોડાય તેમજ પોતાનો ફાળો આપતા થાય તો એક પણ શહેરમાં સ્વામીભાઈના સીદાવાનો પ્રશ્ન અણઉકલ્યો રહેવા ન પામે.

× × ×



For Private And Personal Use Only

(૪) સુયોગ સાંપડ્યો. સૂરિમહારાજની એક આંખ પુનઃ સૃષ્ટિના તેજ જોતી થઈ. એ વેળાનો જન્મદિન મુંબઈના શ્રી સંઘે ઉભરાતા હૃદયે ધામધૂમપૂર્વક ઉજવ્યો. શ્રીયુત ખીમજી છેડા તેમજ અન્ય સેવાધારી બંધુઓમાં એ વેળાની અમૃત ઝરતી વાણીએ નવચેતના પ્રગટાવી. પાંચ લાખની ટેલ પૂરી કરવાના શપથ લેવાયા. જાગૃતિનો જુવાળ મુંબઈના આંગણે ઉભરાઈ રહ્યો. લતેલતે અને શેરીએશેરીએ આચાર્યશ્રીની અંતર ડોલાવે તેવી વાણી વર્ષી રહી. નર-નારી અને બાળવૃંદો ઝોળી ફેરવી રહ્યાં. આગેવાનો પણ સજાગ બન્યા. આંકડાઓ લાખો ઉપર ગયા અને પ્રતિજ્ઞાધારીમાંના થોડાક પાછળથી શિથિલ ન થયા હોત તો પાંચ લાખમાં જે અધૂરાશ રહેવા પામી તે જોવા વારો ન આવત. કૉન્ફરન્સ એ ફંડના જોરે ફાલના અધિવેશનના ઠરાવને મુંબઈ તેમજ એની બહાર જુદા જુદા કેન્દ્રોમાં જે રાહત અને ઉત્કર્ષના કાર્યમાં ફાળો આપી રહેલ છે, તે ઉપર વર્ણવી ગુરુદેવની એકધારી ઉપદેશ વાણીને આભારી છે. આવી જોરદાર રીતે ઉપાશ્રયનો એકાદો ખૂણો ન સંભાળતા, એતદર્થ ભણું અને કલાકો સુધી જબાનને વહેરાવવી એ અંતરના ઉલ્લાસ વિના શક્ય નથી જ. ' ખાખરની ખીસકોલી સાકરનો સ્વાદ ન જાણે ' એમ ઉપાશ્રયની દિવાલોમાં રહી, ઉપદેશ આપવાના નિયમધારી એ પાછળનું રહસ્ય ન પિછાની શકે. એ દ્વારા બોલાતી ' **વિજયવલ્લભ** ' ની જય પાછળ **ભગવંત મહાવીર દેવના** સિદ્ધાંતની વિજયપતાકા ફરકે છે. જાહેર જનસમૂહ **જૈનધર્મ** જાણવા-સમજવા પ્રેરાય છે અને વર્તમાન દેશકાળ જોતાં પ્રભાવના કરવાનો એ ધોરી માર્ગ છે.

× × ×

(૫) વિશ્વવિદ્યાલય સ્થાપવાની મનોકામનાવાળા સૂરિમહારાજ **શ્રી મહાવીરવિદ્યાલયને** કેમ ભૂલી શકે! જગ્યા અને ફંડના અભાવે સંખ્યાબંધ વિદ્યાર્થીઓને નાસીપાસ કરવા પડે છે એવો કાર્યકરોનો અવાજ કાને આવતાં જ આચાર્યશ્રીએ એ વાત મન પર લીધી. ચક્રો ગતિમાન કર્યાં. એમાં નવચેતના પ્રગટાવે તેવી રીતે અઢી લાખનું દાન કરનાર એક નરવીર શેઠ કપુરચંદ આગળ આવ્યો અને બાકીની અર્ધી રકમ પૂરી કરવા સારુ શ્રીયુત ભોગીલાલ લહેરચંદની આગેવાની હેઠળ કાર્યકરો બહાર પડ્યા. વિદ્યાલયમાં ભણી આગળ વધેલા ભાઈઓએ પણ સુંદર સહકાર આપ્યો અને આંકડો પાંચ લાખની હદને ઓળંગી ગયો. સંસ્થા સદ્ધર પાયે મૂકાઈ. શાખાઓ પૂના, અમદાવાદ અને વડોદરામાં પાંગરી અને જૈન સમાજને આશીર્વાદરૂપ આ મહાન્ સંસ્થાને ઉખેડી નાંખવાના બણગા ફૂંકનાર એક વ્યક્તિને આચાર્યશ્રી તરફનો મૂંગો જવાબ મળી ગયો.

× × ×

(૬) હીરક મહોત્સવ ઉજવવા તૈયાર થયેલ ભાઈઓ મારી આ વાણી ધ્યાનમાં રાખો.—

' આત્મકલ્યાણ અર્થે ', સાધુધર્મ સ્વીકારનાર મારા સરખા આત્માને જીવન-મરણ પર સમદૃષ્ટિ જ હોય. એ નિમિત્તે એકાદો ' **સ્મારક ગ્રંથ** ' પ્રગટ થાય કે ' શતં વર્ષાણિ જીવો ' એવા આશીર્વાદ મળે એની કિંમત મારે મન ઝાઝી નથી. જાણ્યું-વિચાર્યું અને હૃદયમાં દૃઢ કર્યું અને યથાશક્તિ આચરણમાં મૂક્યું એ મારો આચાર. એના મૂલ્યાંકન તો જ્ઞાની જ કરી શકે, છતાં જેના સહકારથી એ સાધના સુલભ બને, **શ્રાવક-શ્રાવિકારૂપ ક્ષેત્રયુગલને** મારાથી ન ભુલાય. એ માટે જે કંઈ કહેવું પડે, સૂચવવું પડે તે સર્વ એક કરતાં વધુ વાર કહેલું છે. મારો ધર્મ ઉપદેશ દેવાનો. મારી **નજર સામે** દેશના અને વિશ્વના પલટાયેલા નકશામાં **જૈનદર્શનની** પ્રભાવના અર્થે —જગત સાચી શાંતિ અનુભવે તે માટે—બે વાત દેખાય છે.

(૧) ભ૦ મહાવીરના ઝંડા હેઠળ **જૈનોનું** સંગઠન અને (૨) ભારત બહારના વિવિધ દેશવાસીઓ સમજી શકે તેવી અંગ્રેજી ભાષામાં આપણા સાહિત્યનો પ્રચાર. આ બન્ને કાર્યો વિશાળ દૃષ્ટિ રાખી કરવા જોઈશે. સાંપ્રદાયિકતા એ વેળા આગળ ધરે કામ નહીં ચાલે. આટલું કરશો તો જ રાજકારણમાં **જૈનસમાજનો** અવાજ સંભળાશે અને **જૈનધર્મ** વિશ્વઆકર્ષક બનશે. ' સવિ જીવ કરું શાસનરસી '

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ભાવના પર આવશે. એમાં ચારે ફીરકાની સંયુક્ત સમિતિની સ્થાપના તેમજ ચોપાટી પરની ' વર્લ્ડપીસ મીશન 'ની સભામાં સન્દેશ એ તેઓશ્રીની દીર્ઘદર્શી નજરના પ્રારંભિક કાર્ય.

× × ×

માનવની સત્કામના ફળીભૂત થતી નિહાળવાનું સૌભાગ્ય સૌ કોઇના નસિબમાં નથી હોતું. આમ છતાં આપણી ચક્ષુ સામે લગભગ ઘણા અંશે હાર્દિક કામનાઓ ફળેલી જોઇને વિદાય લેનાર બે વિભૂતિઓ હરગીજ તરવરે છે. એમાંના એક તે મહાત્મા ગાંધીજી અને બીજા શ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજી. તેઓશ્રીના આ મુંબઇના ત્રણ ચોમાસાના સંભારણામાં જીવનના સાત દાયકાઓની વાતોને ક્યાંથી ન્યાય આપી શકાય? માત્ર ચોમાસારૂપ ત્રિવેણીમાં અવગાહન કરી અહીં તો માત્ર સહજ આંખે ચઢે તેવા સારોક પ્રસંગો આળેખ્યા છે. એક તરફ દરદની પીડા વધતી ચાલી એટલે ધાર્યો ઉપદેશ શક્ય ન બન્યો. તેઓશ્રીને એ વાતની ઝાંખી થઇ ગયેલી એટલે પંજાબી વૈદ્યની વિદાયવંદના વેળા સહજ હૃદય ઠલવી ગયું. આમ છતાં દવાનો થોડો ફાયદો અનુભવતાં જ તેઓશ્રી ટટ્ટાર બન્યા અને બુધવારની વિદાય પૂર્વેના રવિવારે કાયા પાસેથી મનમાન્યું કામ લીધું. સવારે મુંબઇ મંડળના સ્વયંસેવકોના જુથને સેવાનો ઉમદા બોધપાઠ જીવનભર ન ભૂલવાનો બોધ કર્યો અને સાંજ પૂર્વેના અઢી કલાકમાં, આંગ્લ દેશવાસીઓ જૈન ધર્મ અને જૈનસાહિત્ય સંબંધે માહિતગાર બને, કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ પણ ભ૦ મહાવીરના તત્ત્વોનું હાર્દ સમજે, એ અર્થે ' જૈન ધર્મ અને તેનું સાહિત્ય ' તેમજ ' જૈન-તત્ત્વાદર્શ ' નામા બે ગ્રંથોને અંગ્રેજી ભાષામાં પ્રગટ કરવાના હાજર રહેલા આગેવાનો દ્વારા ઠરાવ કરાવ્યા.

× × ×

ભલે નશ્વર દેહ નાશ પામ્યો, પણ આચાર્યશ્રીનો અમર આત્મા કાર્યરૂપે અમર રહેવાનો.

---

# सर्वोत्तम–सेवी सन्त ।

आचार्य विजयवल्लभसूरि, इस शताब्दि की सन्त परम्परा में युगपुरुष तथा असाधारण सर्वोत्तम-सेवी सन्त थे ।

उनके मृत्यु ने हमारे में से छीन लिया है, तो भी जैन धर्म आत्मा को अमर तथा शाश्वत मानता है, जैन सन्त आत्मसाधक होते हैं, अतः वे अमर हैं, उनका शरीर गया तो क्या हुआ? उनकी प्रेरणा उनकी लोकसेवा और उनकी अर्हद्भक्ति सदा अमर रहेगी जब तक उनके काम रहेंगे, स्मारक रहेंगे, संस्थायें खड़ी रहेंगी तब तक वे अमर रहेंगे। वे आचार्य थे, विद्वान थे, समाजसेवी, तथा जैन धर्म के प्रभावक महात्मा थे ।

एकता, समाज संगठन, मध्यम वर्ग की स्थिति सुधार आदि पवित्र कार्य ही उनके जीवन के उद्देश्य थे ।

जैन विश्व विद्यालय स्थापित करना उनकी साधना का अनन्यतम लक्ष्य था। उनका अधूरा स्वप्न साकार हो और आर्हती संस्कृति के विकास से संसार का कल्याण हो यही हमारी उनके प्रति श्रद्धाञ्जलि है ।

—मुनिश्री सुशीलकुमार–मुंबई

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "એક અબધૂત ચાલ્યો જાય"

## "યુગવીરની આગેકૂચ"

શ્રી હરિલાલ દેવચંદ શેઠ

જેના દિલમાં માનવના કલ્યાણની ભાવના ભરી છે, અને દુનિયાના દુઃખ નીવારણનું મહામંથન જેમના દિલમાં પળે પળે ચાલી રહ્યું છે. એવા એક લોકસેવકનો પરિચય કરાવતા ગુજરાતના એક કવિએ ગાયું છે કે:—

એક અબધૂત ચાલ્યો જાય.
એ રોક્યો ન રોકાય...
એક અબધૂત ચાલ્યો જાય.

આટલી પંક્તિઓથી શરૂઆત કરી. પછી તો એ લોકસેવકના હૃદય-મંથનનો પરિચય આપતાં આગળ જણાવે છે કે—

એ મહાત્માના ચરણે ધનિકો ધનના ઢગલા કરે છે, જનતા પોતાનું સર્વસ્વ અર્પણ કરે છે, તો પણ એ લોકસેવકના દિલનું દુઃખ સમજાયું સમજાતું નથી. એ લોકસેવક તો રોક્યા રોકાતા નથી. એક અબધૂતની માફક લોકકલ્યાણના પંથે તે આગળ ને આગળ ચાલ્યા જાય છે. લોકકલ્યાણને માટે એમનું સ્વપ્ન અનોખું છે, અને એ સ્વપ્નસિદ્ધિ માટે તેઓ આગળ ને આગળ દોટ મૂકયે જાય છે.

આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજીની જીવન-યાત્રાનો વિચાર કરીએ. શાસનકલ્યાણને માટે એમના દિલમાં જાગેલા એક પછી એક ઊંડા મંથનોની કલ્પના કરીએ. સમાન ધર્મીઓના દુઃખનિવારણ માટે તેઓશ્રી એક પછી એક જે કાર્ય કરી ગયા છે તે અવલોકીએ તો જરૂર આપણાથી બોલી જવાશે કે—

એક અબધૂત કર્મયોગીની જેમ તેઓશ્રીની અવિરત કૂચ કર્તવ્યના પંથે સતત ચાલુ જ રહી છે. તેઓશ્રી રોક્યા રોકાયા નથી.

× × ×

નવ-દસ વરસની લઘુ વયમાં જ, વડોદરાના એ યુગવીરને, પોતાના માત-પિતા તીર્થ કરવા ચરણે મૂકીને ચાલ્યા જાય છે. સોળ વરસની વયે પૂ. આત્મારામજી મહારાજનો સુપરિચય થાય છે, ત્યાગ માર્ગની દેશના સાંભળે છે. એમના દિલમાં 'સાધુ' થવાના કોડ જાગે છે, અને પૂ. આત્મારામજી મહારાજના ચરણે પોતાનું જીવન સમર્પે છે. તેઓશ્રી "છગન" મટી "વલ્લભવિજય" બને છે, અને "જગવલ્લભ" થવાને સર્જાએલ એ વિભૂતિ લોકકલ્યાણના પંથે પોતાની અવિરત કૂચ આરંભે છે.

× × ×

સમયે સમયે જૈન શાસનના કલ્યાણ માટે જ્યોતિર્ધરો સાંપડે છે. એ જ્યોતિર્ધરો પોતાનું 'કર્તવ્ય ક્ષેત્ર' નક્કી કરે છે, અને પોતાના આદર્શને પહોંચી વળવા માટે અનેરો પુરુષાર્થ ખેડે છે. આ. વિજયવલ્લભસૂરીશ્વરજીના સમયમાં સમાજને મુખ્યત્વે ત્રણ જ્યોતિર્ધરો સાંપડ્યા. આ ત્રણે મહદ્ વિભૂતિઓએ નિજ નિજના ક્ષેત્રમાં ઝઝૂમી શાસનની ઉજ્જવળ સેવા બજાવી. તેમાંના એક શાસનસમ્રાટ 'વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ, "જિનપ્રતિમા જિનસારખી" એ તેઓશ્રીનો જીવન-મંત્ર હતો. એ મંત્રને સિદ્ધ કરવા તેઓશ્રીએ હજારો જિનબિમ્બો ભરાવ્યા, શક્ય સ્થળે નવા નવા તીર્થની સ્થાપના કરી, નવા ભવ્ય જિનાલયો બંધાવ્યા અને પોતાનું કર્તવ્ય બજાવતા બજાવતા જીવનને ધન્ય બનાવી ચાલ્યા ગયા. એવી જ બીજી મહાન વિભૂતિ આગમોદ્ધારક આચાર્ય સાગરાનંદસૂરીશ્વરજી, "જૈનાગમોનો ઉદ્ધાર" એ તેઓશ્રીનો જીવન-મંત્ર હતો, જ્ઞાનભંડારોમાં ગોંધાઈને પડેલા આગમોનો તેઓશ્રીએ અવિશ્રાંતપણે અભ્યાસ કર્યો, અને પવિત્ર આગમો જૈન સમાજ સમક્ષ ખુલ્લા મૂક્યા. પાલીતાણાખાતે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરસની શિલાઓમાં તો સુરતખાતે તામ્રપત્રોમાં તમામ આગમોને કોતરાવી ભવ્ય આગમ-મંદિરો બંધાવ્યા અને એ રીતે જૈનાગમની અપૂર્વ સેવા બજાવતા બજાવતા જીવનને ધન્ય કરી તેઓશ્રી આપણા વચ્ચેથી ચાલતા થયા.

અને એ સમયનો આપણો ત્રીજો જયોતિર્ધર આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી, 'યુગદૃષ્ટિ' એ તેઓશ્રીનો જીવન-મંત્ર હતો. ૧૯૫૨માં પંજાબનો ઉદ્ધાર કરતા કરતા આચાર્ય વિજયાનંદસૂરીશ્વરજી જ્યારે જીવનનો છેલ્લો શ્વાસ લઇ રહ્યા હતા ત્યારે તેઓશ્રીએ 'વીર વલ્લભ'ને પંજાબનું સુકાન સોંપ્યું, અને 'સમયનો સંદેશ' આપ્યો. વીર વલ્લભે ગુરુ-આજ્ઞા શિર પર ચઢાવી, અને કર્તવ્યના પથે પળ્યા.

વહેતા પ્રવાહને અનુરૂપ કર્તવ્ય-ક્ષેત્ર નક્કી કરવું એ એક વાત છે અને 'યુગદૃષ્ટિ' ઓળખી એ દૃષ્ટિ તરફ સમાજને લઇ જવાનું "કર્તવ્યક્ષેત્ર" નક્કી કરવું તે જુદી વાત છે. બન્ને ક્ષેત્રો એક નહિ તો બીજી રીતે લોકકલ્યાણની ભાવનાથી ભર્યાં છે, છતાં પહેલો પંથ થોડો સરલ છે તો બીજો જરા વિષમ છે.

યુગવીરોનો કર્તવ્યપંથ આ રીતે જરૂર વિષમ હતો, ભૂતકાળના વહેતા આવતા પ્રવાહમાંથી શ્રેય તત્વો તેઓશ્રીને તારવવાના હતા, વર્તમાન કાળમાંથી પણ લોકકલ્યાણનું સત્ય તારવવાનું હતું અને જરા દીર્ઘ-દૃષ્ટિએ વિચારી ભવિષ્યના આંદોલનો પણ સાત્વિક દૃષ્ટિએ અપનાવવાનો વિચાર કરવાનો હતો અને આમ ત્રણે કાળના પ્રવાહોનું મંથન કરી મધ્યસ્થ દૃષ્ટિ સમાજ સામે મૂકવાની હતી અને એ દૃષ્ટિએ સમાજરચના કરવાની હતી. એટલે જૂનવાણી અને ક્રાન્તિનો સમન્વય સાધી એક નવો જ મધ્યસ્થ વિચારપ્રવાહ જનતા સમક્ષ વહેતો મૂકવાનો હતો અને સમય પણ યુગવીરની કસોટી માગી લ્યે તેવો હતો.

સાધુ-ધર્મની વ્યાખ્યા પણ તે સમયે મર્યાદિત હતી. સ્વઆત્મકલ્યાણ અને નર્યા પરલોકના લાભા-લાભની વાતોમાં જ જાણે સાધુધર્મ સમાઇ જતો હોય તેમ તે સમયે માનવજાતના કલ્યાણની વાતો કરવી એ પણ સાધુઓને માટે એક જાતના દોષ સમાન મનાતું એટલે લોકોના સુખદુઃખનો, માનવ-જાતના ઉત્કર્ષનો કે લોકકલ્યાણનો વિચાર સાધુસમાજ કરી શકતો ન હતો. આરંભ-સમારંભની મર્યાદા તેમાં આડે આવતી હતી એમ છતાં ગુરુદેવ તો યુગ-ધર્મને ઓળખી સમાજના લાભાલાભનો વિચાર કરી આગળ ચાલતા જાય છે. એ અવધૂતની કૂચ રોકી રોકાતી નથી. સ્વ-પરકલ્યાણાર્થે કુરબાનીને માર્ગે એક મહાસૈનિકની માફક અડગ આત્મશ્રદ્ધા, અપૂર્વ વીર્યોલ્લાસ ને અપ્રમત્તભાવે આગળ ધપતા જાય છે.

× × ×

ગુરુદેવની આજ્ઞા પ્રમાણે યુગવીરનું સૌપ્રથમ કર્તવ્ય પંજાબને સંભાળી લેવાનું હતું. પંજાબમાં જૈન-સંસ્કૃતિની વિજયપતાકા ફરકાવવાનું હતું, પંજાબ આ સમયે ધાર્મિક મતમતાંતરોના ઝગડાથી ખદબદી રહ્યું હતું. આર્યસમાજી, સનાતની અને સ્થાનક-વાસીઓના મળે જૈનસમાજ સામે સતત આક્રમણો ચાલુ જ હતા. યુગવીરે વિચાર્યું કે "જૈનસંસ્કૃતિ"નું સાચું જ્ઞાન હજુ પંજાબને મળ્યું નથી. એટલે હરહંમેશ આવા વિતંડાવાદો ચાલુ જ રહે છે. આ અજ્ઞાન દૂર કરવા એક તરફી ઉપયોગી સાહિત્ય તૈયાર કરી પ્રગટ કરવાનું કાર્ય શરૂ કર્યું અને બીજી બાજુ જરૂર જણાઇ ત્યાં વિવાદસભાઓ યોજી વાદી તરીકે તેઓ ઊભા રહેવા માંડ્યા અને તેમાં સફળતા મળી. જૈનસંસ્કૃતિના અજ્ઞાનનું વાદળ વીખરાયું, વિતંડા-વાદોનો અંત આવ્યો.

તેઓશ્રીનું બીજું કાર્ય પંજાબને જૈનસંસ્કારથી ચિરંજીવી બનાવવાનું. આ માટે જ્યાં જ્યાં જરૂર લાગી ત્યાં ત્યાં તેઓશ્રીએ જિનાલયો ઊભા કરાવ્યા, ઉપાશ્રયો અને જ્ઞાનશાળાની સ્થાપના કરાવી અને સારાએ પંજાબને ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવો, ભજનમંડળીઓની ધૂમ મચાવતા દબદબાભર્યા વરઘોડા અને ઉપાશ્રયોથી ગાજતું કરી મૂક્યું અને પંજાબ દીર્ઘકાળ સુધી જૈન સંસ્કાર, આચારધર્મથી ઓતપ્રોત રહી શકે તે માટે સ્થળે સ્થળે ઊભા કરેલ જિનાલયો અને ઉપાશ્રયાદિને દીર્ઘકાળ ટકી રહે તે રીતે પગભર પણ કર્યા.

For Private And Personal Use Only

આ રીતે આ તો ઉભી કરવામાં આવી આપણી સનાતન જરૂરિયાત, પરંતુ ગુરુદેવ તો યુગદૃષ્ટા હતા. જૈનસમાજના ઉત્કર્ષની દીર્ઘ વિચારણા તેઓશ્રીના દિલમાં ચાલુ જ હતી. તેઓશ્રીને લાગ્યું કે શિક્ષણના ક્ષેત્રમાં દુનિયા આગે બઢતી જાય છે તો જૈનસમાજ દુનિયાની સાથે સાથે શિક્ષણમાં આગળ નહિ વધે તો તે પાછો પડી જશે. તેનું સ્થાન નહિવત બની જશે એટલે સમાજમાં શિક્ષણસંસ્થાઓ ઊભી કરવી જોઈએ. જ્યાં જૈન બાળકો આધુનિક શિક્ષણ પ્રાપ્ત કરે, સાથેસાથ જૈનધર્મનો પણ અભ્યાસ કરતા રહે અને એ યુગ અવધૂતે શિક્ષણ સંસ્થાઓના સ્થાપન તરફ કૂચ કરી. જોતજોતામાં પંજાબમાં જૈનવિદ્યાલય, જ્ઞાનાલય વગેરેની સ્થાપના કરી. પંજાબના ગુરુકુળો જૈન બાળકોથી ગાજવા માંડ્યા. સમય જતાં આજે તો પંજાબ જૈન કોલેજની સ્થાપના કરવા સુધી શિક્ષણના ક્ષેત્રમાં આગળ વધી શક્યું.

× × ×

આમ સૌપ્રથમ પંજાબને દેવ, ગુરુ અને ધર્મથી એકરસ કરવામાં આવ્યું. જૈનસંસ્કૃતિનું જ્ઞાન સર્વત્ર ફેલાવવામાં આવ્યું અને એ જિનાલયો, ધર્મસ્થાનકોને સંભાળી રાખવા, શ્રાવક સમાજને સમૃદ્ધ કરવાની જરૂર જણાતાં જ્ઞાનપરબો સ્થળે સ્થળે બાંધવામાં આવી. આ રીતે પંજાબને જૈનસંસ્કૃતિથી ગાજતું કરવામાં યુગવીરને અનેક પરિષહો પણ સહન કરવા પડ્યા.

ગુરુદેવના વિરહ પછી ઓગણીશ વરસ સુધી પંજાબમાં જ સતત વિહાર કરી તેઓશ્રી અહીંતહીં ઘૂમ્યા. માર્ગમાં કોઈ સ્થળે 'જૈન સાધુ' તરીકેની સૂગને કારણે, શ્રમયુક્ત લાંબા વિહાર પછી પાંચ મીનિટના આરામ માટે પણ સ્થાન ન મળતું, તો કોઈ વખત કલાકોના કલાકો ગોચરી વિના ચલાવી લેવા પડતા, પરંતુ 'સાધુ' જીવન માટે તેઓશ્રી એ સામાન્ય પરિષહો સમજતા અને અડગ નિશ્ચયથી સ્મિત વદને પોતે પોતાના પંથે આગળ ચાલ્યા જતા.

એક સમય ગુજરાંવાલાથી લગભગ પાંચ સો માઈલ દૂર બીનવાઇ ગામે તેઓશ્રીની સ્થિરતા હતી. ત્યાં ગુજરાંવાલાથી સંદેશ આવ્યો કે આચાર્ય વિજયાનંદસૂરીશ્વરજીએ જે જૈનશાસ્ત્રના ગ્રંથો બહાર પાડ્યા છે તે ખોટા હોવાનું અને તેની સાથે શાસ્ત્રાર્થ કરવાનું સનાતની-સ્થાનકવાસી આદિએ બંડ જગાવ્યું છે અને તરતમાં જ તેઓ શાસ્ત્રાર્થ યોજવા માગે છે.

બસ, સંદેશો મળતાં જ તેઓશ્રીના દીલના તાર ઝણઝણવા માંડ્યા. ગુરુદેવના સાહિત્યને સિદ્ધ કરી બતાવવાની તાલાવેલી દીલમાં લાગી. તે માટેના મુદ્દાઓ તૈયાર કરી તરત ગુજરાંવાલા મોકલી આપ્યા પરંતુ આટલાથી જ એમના મનને સંતોષ ન થયો. પાંચ સો માઈલનું અંતર કાપીને તરત ત્યાં પહોંચવાનું મુશ્કેલ હતું. એક તરફ જેઠ માસનો પ્રખર તાપ-ધરણી ધગી રહી હતી. પણ યુગવીરને તો હતું કે જો પાંખો હોય તો ઉડીને પહોંચું. તરત તેઓશ્રીએ ઉગ્ર વિહાર શરૂ કર્યો. પગમાં ચાઠા પડતા જાય, દેહ નીચોવાતો જાય, પરંતુ તેઓશ્રીનો તો અડગ નિશ્ચય હતો કે શરીર શરીરનું કાર્ય કર્યે જાય, આત્મા આત્માનું કાર્ય બજાવે જાય. સતત વિહાર કરીને નિશ્ચિત સમયે ગુજરાંવાલા પહોંચવું એ મારો નિશ્ચય છે. અડગ આત્મબળથી તેઓશ્રી એક અવધૂતની માફક આગળ ચાલ્યા જાય છે. કોઇના રોક્યા રોકાતા નથી. આખરે ગુજરાંવાલા નજીક કાવીના કિનારે તેઓશ્રી પધારે છે ત્યાં સંદેશ મળે છે કે આચાર્યદેવના પુસ્તકો સિદ્ધ થયા છે. વાદીઓએ જગાવેલ તાંડવ દબાઇ ગયું છે. "જૈનધર્મનો વિજયધ્વજ ગુજરાંવાલામાં ફરકતો થયો છે." અને વિજયસંદેશ સાંભળી તેઓશ્રીએ આત્મસંતોષ અનુભવ્યો. પંજાબના જૈન પાટનગર સમા ગુજરાંવાલાએ સતત શ્રમ વેઠી પોતાના આંગણે આવતા 'વીર-વલ્લભ'નું સ્વાગત કરવાની વિનતિ કરી, પરંતુ તેઓશ્રી જણાવે છે કે પૂજ્ય કમળસૂરિજી જેવા મહાત્માઓ જ્યાં બિરાજમાન હોય ત્યાં તેઓશ્રીની સાન્નિધ્યમાં મારું સ્વાગત ન શોભે, ગુરુદેવના સત્ય ગ્રંથોને સત્ય બતાવવા એ મારી ફરજ હતી. એ માટે હું દોડતો આવતો હતો. મારી ફરજથી વિશેષ આમાં કંઈ ન હતું.

× × ×

પંજાબમાં જૈન ગુરુકુળની સ્થાપના કરવી એ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાન્ય પ્રશ્ન ન હતો. પંજાબમાં ગુરુદેવ તરફ અપૂર્વ શ્રદ્ધા હતી, અજોડ ભક્તિ હતી. ગુરુદેવના એક એક વચનને પંજાબ સર્વસ્વના ભોગે પણ અપનાવતું પરંતુ ગુરુકુળનો પ્રશ્ન ઉપાડી લે તેટલી શ્રીમંતાઇ પંજાબમાં ન હતી. યુગવીરના દિલમાં ગુરુકુળનું સ્વપ્ન સિદ્ધ કરવાની તાલાવેલી હતી. એટલે જ્યાં સુધી ગુરુકુળ ન થાય ત્યાં સુધી મિષ્ટાન્ન ન લેવાનો તેઓશ્રીએ નિશ્ચય કર્યો. તેઓશ્રીના નિશ્ચયબળે જોર કર્યું. મુંબઇના એક વૈશ્નવ ગૃહસ્થે ગુરુદેવનો આ સાદ સાંભળ્યો અને ગુરુદેવને તારથી વિનતિ કરી કે "ગુરુકુળ માટેના ફાળામાં જેટલી રકમ ખૂટતી હોય તે પૂર્ણ કરવાનો લાભ આ સેવકને આપો." ગુરુદેવે તાર વાંચ્યો. શાસનદેવની પરમ કૃપાનો આનંદ તેઓશ્રીના મુખ પર ઝળકી રહ્યો અને મુંબઇના જૈનેતર દાનવીર શેઠ વિઠ્ઠલદાસ ઠાકોરદાસે રૂ. ૭૨૦૦૦ ની રકમ આપી યુગવીરની પ્રતિજ્ઞા પૂર્ણ કરાવી. સમય જતાં શેઠ વિઠ્ઠલદાસ પણ ગુરુકુળના આત્મા સમાન બની ગયા. ગુરુકુળની ઉન્નતિને તેઓશ્રી પોતાની ઉન્નતિ જ માનતા રહ્યા.

× × ×

એક સમયજ્ઞની જેમ જ્યારે જ્યારે જે વસ્તુની જરૂરીયાત તેઓશ્રીને લાગતી તે મુજબ સમયની નાડ પારખીને તેઓશ્રી કાર્ય કર્યે જતાં.

જરૂર લાગી ત્યારે ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવો પણ તેઓશ્રીએ અનેક સ્થળોએ ઉજવ્યા છે, ભજન મંડળીઓની ધૂમ મચાવતા દબદબાભર્યા વરઘોડાથી જનતાને જૈન ધર્મ તરફ ખેંચવાની જરૂર લાગી ત્યારે તેમ પણ કર્યું છે, અને જ્યારે મંદિરોના પૂજકોને સમૃદ્ધ કરવાની અગત્ય દેખાણી ત્યારે તે તરફ પોતાની ઉપદેશ ધારા વિના-સંકોચે વહેતી મૂકી છે.

જિનાલયોની પુષ્ટિ માટે પંજાબમાં લગ્નપ્રસંગે રૂ. પાંચ લેવામાં આવતા, જ્યારે તેઓશ્રીને એમ લાગ્યું કે હવે જિનાલયો પગભર થઇ ગયા છે ત્યારે જિનાલય ફંડમાં લગ્નપ્રસંગે લેવાતા રૂ. પાંચ જૈન પાઠશાળા ફંડમાં લેવરાવવાનો ઠરાવ કરાવ્યો, વધુમાં પર્યુષણમાં કલ્પસૂત્રની અને જ્ઞાનપૂજનની જે આવક થાય તે પાઠશાળામાં લઇ જવાનો નિર્ણય લેવરાવ્યો અને એ રીતે પાઠશાળાઓને સમૃદ્ધ કરવામાં આવી.

એક સમય તેઓશ્રી પાલનપુર પધાર્યા, ત્યાં અઠ્ઠાઇની તપશ્ચર્યા કરનારે ફરજીયાત જમણ કરાવવું જોઇએ એવો ઠરાવ હતો, પરિણામે ઘણા ભાવિકો ભાવના હોવા છતાં અઠ્ઠાઇ કરી શકતા ન હતા. તપશ્ચર્યાને આવું વ્યવહારિક બંધન હોવું તે ઉચિત ન જણાયું. એટલે તેઓશ્રીએ અઠ્ઠાઇ પ્રસંગે જમણવારનો જે કર હતો તે બંધ કરાવ્યો અને તપસ્વીઓની ભાવનાને વેગ આપ્યો.

પંજાબ-મારવાડ-મેવાડ અને ગુજરાતના પોતાના વિહાર દરમિયાન તેઓશ્રીએ જ્યાં જ્યાં જરૂર જણાઇ ત્યાં આવા અનેક સુધારાઓ કરાવ્યા છે અને સમયની કૂચ આગે બઢાવ્યે રાખી છે.

× × ×

એક વિશાળ દષ્ટા તરીકે તેઓશ્રી હંમેશા વિશાળ દુનિયામાં જ વિચરતા, માત્ર વણિકોમાં જ તેઓશ્રીનું જૈન-જગત આવી જતું ન હતું, તેઓશ્રી માત્ર જૈનોના જ નહી પરંતુ સૌના પ્યારા, જગ-વલ્લભ બનીને જીવ્યા હતા.

પોતાના વિહાર દરમિયાન કેટલાક સ્થળો એવા પણ આવતા કે જ્યાં જૈનોનું એક પણ ઘર ન હોય, માંસ-મદિરામાં આસક્ત રહેનાર વર્ગ મોટા ભાગે વસતાં હોય, એવા સ્થળોએ તેઓશ્રી જતાં અને પોતાની પ્રભાથી સૌને પોતાના કરી લેતા. કોઇ વખત તો આવા સ્થળોએ, સામાના આગ્રહને વશ થઇ ત્રણ-ત્રણ ચાર-ચાર દિવસની સ્થિરતા કરવી પડતી હતી અને એ સમય દરમિયાન જાણે ત્યાં જૈન-સંસ્કારનું વાતાવરણ ગુંજી રહ્યું હોય તેમ એ અજ્ઞાન જનતાને જૈન-સંસ્કારથી રંગી દેતા, ઇંદ્રિયોને જીતે-જીતવાની ભાવના કેળવે તે 'જૈન' એ તેઓશ્રીની વ્યાખ્યા હતી.

× × ×

પંજાબમાં શીયાળકોટથી બે માઇલ દૂર આવેલ શીખ ભાઇઓના ગુરુદ્વારમાં એક સમયે તેઓશ્રીએ સ્થિરતા કરી. ગુરુદ્વારનો એક ભાગ વરસાદથી ભાંગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયો હતો, મંદિર જીર્ણોદ્ધાર માગી રહેલ, તેઓશ્રીના દિલમાં આ ગુરુદ્વારનો જીર્ણોદ્ધાર કરાવી આપવામાં આવે તો સારું એવી ભાવના થઇ અને તે માટે પોતાની ભાવભરી વાણીમાં ઉપદેશ આપ્યો, આ ઉપદેશમાં તેઓશ્રીની વિશાળ દૃષ્ટિનું સહજ દર્શન થાય છે. તેઓશ્રીના શબ્દો આ પ્રમાણે હતાઃ–

"આજે જે સ્થાનમાં આપણે મુકામ કર્યો છે તે પણ એક ધર્મસ્થાન છે. ઉપાશ્રય જેમ આપણું ધર્મસ્થાન ગણાય તેમ શીખ ભાઇઓનું ધર્મસ્થાન ગુરૂદ્વાર છે. અમારે તો ઘણી વખત ગુરૂદ્વારમાં સ્થિરતા કરવી પડે છે. શીખ સરદારો અમારું આદરપૂર્વક સન્માન કરે છે અને કથા–વાર્તા સાંભળી આનંદ અનુભવે છે. આ ગુરૂદ્વારનો એક ભાગ વરસાદની મોસમમાં પડી ગયો છે. સાધુ–સંતોને ઉતરવાના પવિત્ર સ્થાન માટે અહીં આવેલા ભાઈ-બ્હેનો થોડી થોડી મદદ કરે તો એક પંથ અને દો કાજ જેવું થઇ જાય. જૈન ધર્મમાં દાનનો મહિમા કેવો છે તે તમે જાણો છો, મહામંત્રીશ્વર વસ્તુપાળ તેજપાળે ભવ્ય મંદિરો બંધાવ્યા હતા તેમ મસ્જીદ પણ બંધાવી હતી. અમારું કામ ઉપદેશ કરવાનું છે. આવા કાર્યમાં સહાયતા કરવી એ એક કર્તવ્ય છે."

યુગવીરનો ઉપદેશ તરત ઝીલી લેવામાં આવ્યો અને એ ગુરૂદ્વારના જીર્ણોદ્ધારનો તે જ સમયે પ્રબંધ થઇ ગયો.

× × ×

અજમેર પાસે કેકડી ગામે શ્રી જૈન શ્વેતામ્બર જૈન સ્યાદ્વાદ મહાવિદ્યાલય ચાલતી હતી. વિદ્યાલયમાં અભ્યાસ કરતા જૈન વિદ્યાર્થીઓ માટે પંડિત રોકવામાં આવતા અને સર્વે અભ્યાસ કરતા. યુગવીરની દૃષ્ટિ આ વિદ્યાલય તરફ પડી. સંસ્થાની સ્થિતિ આર્થિક દૃષ્ટિએ કંઇક વિચારણીય બનતી આવતી હતી. તેમ વિદ્યાલયમાં જૈન વિદ્યાર્થીઓ ઓછી સંખ્યામાં આવતા હતા. યુગવીરને લાગ્યું કે જ્યારે પંડિત તો રોકવામાં જ આવે છે તો જૈનેતર જિજ્ઞાસુઓને આ વિદ્યાલયમાં અભ્યાસ કરવા શા માટે સ્થાન ન આપવું? તેઓ પણ જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરશે. એટલે તે માટે યોગ્ય કરવા તેઓશ્રીએ પ્રયાસ શરૂ કર્યો. શેઠ આ. ક. ની પેઢીને પણ આ માટે ભલામણ કરી. ત્યારે પેઢીને જૈનેતર વિદ્યાર્થીઓ આ જૈન સંસ્થાનો લાભ લ્યે તો એક જૈન સંસ્થા સાર્વજનિક સંસ્થા બની જશે તેવો ભય લાગ્યો. અને એ દૃષ્ટિએ સંસ્થાને પોષણ ન આપી શકી. પેઢીના આ જવાબથી આચાર્યદેવના દિલમાં આપણી ટૂંકી દૃષ્ટિ માટે જરૂર દુઃખ થયું. તેનો યોગ્ય શબ્દોમાં પ્રત્યુત્તર પાઠવ્યો અને એ વિદ્યાલયને પગભર કરવા પોતે બનતું કરી છૂટ્યાં.

લોકકલ્યાણની દરેક પણ પ્રવૃત્તિને તેઓશ્રી હંમેશા અપનાવતા જ રહેતા, એટલે એક વિશાળ દ્રષ્ટા તરીકેના અનેક પ્રસંગો તેઓશ્રીના જીવન સાથે ગુંથાએલ પડ્યા છે. પણ તેને શબ્દદેહ આપવા જેટલો અત્રે અવકાશ નથી.

× × ×

બત્રીશ–બત્રીશ ચાતુર્માસ પંજાબમાં કરી, સતત પ્રયાસે, પ્રાણ પાથરીને પંજાબને જૈનતત્ત્વથી નવપલ્લવિત કરવા પછી એક વખત એ જ પંજાબના ટુકડા થવાનો દુઃખદ પ્રસંગ આવ્યો. પોતાના દેહના ટુકડા થાય તો જે વ્યથા થાય તે કરતા પણ કાતીલ વેદના પંજાબના આ ટુકડા થતી વખતે ગુરુદેવના દિલમાં થતી હતી. કમનસીબે 'હિન્દુ–મુસ્લીમ' ના પ્રશ્નનો ઉકેલ હિન્દના બે ટુકડા કરવામાં આવ્યા. પાકીસ્તાનની રચના કરવામાં આવી. પંજાબમાં વસતા જૈન ભાઇઓને આ નિર્ણયથી જબ્બર આંચકો લાગ્યો. ગુરુદેવનું ભવ્ય સમાધિમંદિર, આત્માનંદ જૈન ગુરુકુળ, જૈન વિદ્યાલય, જૈન કન્યાશાળા વગેરે સંસ્થાઓથી પંજાબમાં અગ્રસ્થાન ભોગવતું ગુજરાંવાલા, અને જૈન વસ્તીવાળા લાહોર, સીયાલકોટ, મુલતાન, આદિ બીજા ગામો પાકીસ્તાનમાં જતાં હતા. ગુંડાઓની ગુંડાગીરીનો એ ભોગ બન્યા. જૈન સંસ્કૃતિનું ત્યાં નામ–નિશાન ન રહ્યું.

ગુંડાઓનું તાંડવ આમ પાકીસ્તાનમાં ચાલી રહ્યું હતું ત્યારે યુગવીર ગુજરાંવાલામાં જ હતા. પોતાના સમુદાયની રક્ષા માટે આચાર્યદેવે જે કર્તવ્યનિષ્ઠા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાખવી છે, તે પંજાબીઓના દિલમાં સદા અંકિત રહે તેવી હતી. કેવી મુશ્કેલીએ ગુરુદેવ અને સાથેનો સમુદાય બચવા પામ્યો તે કરુણ કથા તો સુવિખ્યાત છે. પરંતુ આ બનાવમાંથી "પંજાબ અને ગુરુદેવ" વચ્ચેનો કેવો ગાઢ સંબંધ છે, પંજાબીઓના દિલમાં કેવી ગાઢ ગુરુભક્તિ ભરી પડી છે અને પંજાબને માટે યુગવીરનું દીલ કેવું તલસી રહ્યું છે તેનો વાસ્તવિક ખ્યાલ આ કટોકટોના કરુણ પ્રસંગમાંથી આવી શકે છે.

ભયંકર કત્લેઆમ જ્યારે પાકીસ્તાનમાં ચોમેર ચાલી રહેલ છે ત્યારે પોતાના સમાન ધર્મીઓની રક્ષાની ચિન્તા કરતા કરતા યુગવીર પોતાના પ્રિય પંજાબીઓને આ તાંડવમાંથી બચી જવા માટે ફરમાવે છે કે "અમારી સંભાળ તો અધિષ્ઠાતા રાખશે. પણ અમારા માટે તમે બધા મુશ્કેલીમાં મૂકાયાં તે બરાબર નથી. જેમ જેમ અનુકૂળતા આવે તેમ સહીસલામત સ્થળે ચાલ્યા જવું સારું છે."

ત્યારે ગુરુદેવના આ આદેશનો ભક્તિભાવે પંજાબ જવાબ આપે છે કે "ગુરુદેવ! અમે તો એવો નિર્ણય કર્યો છે કે અમે બધા સંગઠીત રીતે અહિં (ગુજરાંવાલામાં ભયંકર તોફાન વચ્ચે) આપની સેવામાં જ રહીશું. જિનેશ્વર ભગવાનની પણ રક્ષા થશે. આપની સેવાનો લાભ મળશે."

ઉભયના ઉદ્ગારો જ પરસ્પરના પ્રેમ અને ભક્તિનો સાક્ષાત્કાર કરાવવાને માટે બસ છે.

અને ગુરુદેવના રંગે પંજાબ કેટલું રંગાયું છે, પંજાબીઓના દિલમાં ગુરુભક્તિ કેવી છલોછલ ભરી છે અને જૈન શાસનની ભક્તિથી તે પંજાબીઓના દિલ કેવા ઉછળી રહ્યા છે તેનો પ્રત્યક્ષ ખ્યાલ આચાર્યદેવ છેલ્લા છેલ્લા તીર્થધામ પાલીતાણામાં પધાર્યા ત્યારે તેઓશ્રીના કરવામાં આવેલ ભાવભીના સ્વાગત સમયે આવી શકે તેમ હતો.

એકના ખંભા ઉપર બીજાને ઉચકી, રાસ મંડળની ધૂન મચાવતું પંજાબી ભજન મંડળીનું જુથ કલાકો સુધી સ્વાગત-સરઘસમાં પાલીતાણાને ભક્તિના રંગથી રંગી રહ્યું હતું. અને દૂર દૂરથી એ માળનો ભવ્ય રથ જિનભક્તિનો અપૂર્વ ભાવ દર્શાવતાં જ્યારે એ ગુરુદેવના સ્વાગત-સરઘસમાં ચાલ્યો જતો હતો ત્યારે હજારો પ્રેક્ષકો સહજભાવે બોલી જતાં.

**ધન્ય એ ગુરુભક્તિ, ધન્ય એ પંજાબીઓ.**

અને આગે બઢે જતા એ યુગવીર-અબધૂતની યશગાથાઓ દિગંતમાં ગાજી રહી હતી.

જ્યારે એ અબધૂતના દિલમાં તો મંથન ચાલી રહ્યું હતું.

**"સમાજના સુખ-શાંતિ અને સંગઠનનું"**

* * *

બત્રીશ ચાતુર્માસના સતત પ્રયાસથી પંજાબને જૈનત્વથી રંગ્યું. ત્યાં તેઓશ્રીની દૃષ્ટિ પડી મારવાડ ઉપર. અજ્ઞાનતિમિરમાં અટવાતા મારવાડમાં તેઓશ્રીએ જ્ઞાન પરબો બાંધી, મારવાડ જેવા શિક્ષણ-પછાત પ્રદેશમાં આજે જૈન કોલેજ અસ્તિત્વ ધરાવે, સ્થળે સ્થળે જ્ઞાનાલયોમાં આપણા બાળકો શિક્ષણ લઇ રહ્યા હોય તે પ્રતાપ આપણા યુગવીરનો જ કહી શકાય.

પછી તો તેઓ શિક્ષણ અને સંગઠનનો સંદેશ લઇને ગુજરાતમાં વિચરે છે, પાલનપુર પધારી સંઘમાં વિખવાદ હતો તે ફતેહપૂર્વક સમાવ્યો અને પચીશ હજારની કેળવણી ફંડની સ્થાપના કરી. તે ફંડ લગભગ એક લાખ સુધી પહોંચાડયું, વડોદરામાં આચાર્ય વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના સાધુ સમુદાયનું સંમેલન મેળવવામાં અગ્રભાગ ભજવી સંઘાડાને ઐક્યથી વધુ બળવાન બનાવ્યો.

મારવાડ અને ગુજરાતના વિહાર દરમિયાન તેઓશ્રીને લાગ્યું કે સંઘમાં-જ્ઞાતિમાં કે ભાઇ-ભાઇ વચ્ચે નાના નાના મતભેદો કલેશના ઊંડા મૂળ નાખતા જાય છે તેના પરિણામે સમાજહિતના અનેક શુભ કાર્યો ગુંગળાતા પડ્યા છે, જૈન સમાજનો વિકાસ અટકી પડે છે, તેઓશ્રી જ્યાં જ્યાં જતાં ત્યાં શાન્તિ અને સંપની સાધના માટે સૌ પ્રથમ કાળજી રાખતા. પરિણામે ઘણાં સ્થળોના જૂના કલેશોનો પ્રેમ-પૂર્વક ઉકેલ લાવ્યા, ફતેહપૂર્વક સર્વત્ર ઐક્યનું વાતાવરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્જ્યું અને જ્યાં અનુકૂળતા મળી ત્યાં જ્ઞાન–પરબ પણ સ્થાપતા ગયા.

* * *

સં. ૧૯૬૯માં મુંબઈના શ્રેષ્ઠિવર્યોએ તેઓશ્રીને મુંબઈમાં નોતર્યા, વધતા જતા શિક્ષણપ્રચારની સાથે જૈન સમાજને ઊભો રાખવા માટે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની સગવડવાળી એક જૈન વિદ્યાલયની જરૂરીયાત તેઓશ્રીને લાગી, અને મુંબઈના શ્રેષ્ઠીઓ પાંસે તે વાત મૂકી, એ માટે ભેખ લીધો. પરિણામે હજારો યુવાનોને ઉચ્ચ શિક્ષણ આપી તેઓને ઉચ્ચ કક્ષાએ મૂકનાર "શ્રી મહાવીર જૈન વિદ્યાલય"નો જન્મ થયો. ઝંઝાવાતો વચ્ચે પણ તેને ઉછેરવામાં આવી, આજે તો એ વિદ્યાલય પોતાની શાખાઓ દ્વારા પુના, અમદાવાદ અને વડોદરામાં પણ પોતાનું સ્થાન જમાવી શકી છે, અને મુંબઇના તેઓશ્રીના છેલ્લા ચાતુર્માસ દરમિયાન પાંચ લાખની ઉમદા સખાવતથી વિદ્યાલયને તેઓશ્રી વધુ સમૃદ્ધ બનાવી "વિશ્વ-વિદ્યાલય" નું સ્વપ્ન સેવતા સેવતા તેઓ ચાલ્યા ગયા છે.

* * *

જ્ઞાનોપાસનાની જેટલી જ તમન્ના તેઓશ્રીના દિલમાં "સંગઠન" અને "મધ્યમ–વર્ગના ઉત્કર્ષ"-ની હતી, સમાજમાં ચાલતા મતમતાંતર તેઓશ્રીને શૂળની જેમ સાલતા. ભારતમાં જ્યારે નવવિધાન થઇ રહ્યું હોય ત્યારે આપણો સમાજ અંદર–અંદર કલેશોમાં જ સબડતો રહે તે તેઓશ્રીના મનમાં ભારે દુ:ખનો વિષય હતો, અને એ માટે તેઓશ્રીના દિલમાં ઊંડું મથન હરહંમેશ ચાલુ જ રહેતું, સુષુપ્ત દશામાં બેઠેલ કોન્ફરન્સને આ બે પ્રશ્ન માટે તેઓશ્રીએ જાગૃત કરી, ફાલના મુકામે તેનું અધિવેશન યોજાવ્યું અને કોઇ પણ પક્ષાપક્ષીના ભેદભાવ વિના જૈન સમાજ-ની એકતા સાધવા માટે સર્વ પક્ષોને પ્રેમભાવે આમંત્રણો અપાયા. સૌ એકત્ર થયા, હજારોની માનવ–મેદની વચ્ચે ઐક્યનો સંદેશ આપતા તેઓશ્રીનું દિલ દ્રવી રહ્યું હતું. તેઓ કહેતા ગયા "ચતુર્વિધ સંઘ-ની એકતા એ જૈન શાસનની ઉન્નતિ માટે આજે અતિ મહત્ત્વની વસ્તુ છે, શ્રાવક–શ્રાવક વચ્ચે સંગઠન સાધો, દિલભર દિલ મિલાવો અને પછી શાસન–કલ્યાણનાં માર્ગે પડો, અમારા સાધુ સમાજે પણ એકતાનું આ મંગળસૂત્ર સર્વસ્વના ભોગે અપનાવી લેવું જોઇએ, પૂજ્ય ગુરુદેવ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનો સમુદાય આજે વિપુલ સંખ્યામાં છે. તે જો સંગઠન સાધે અને એ રીતે સમગ્ર સાધુ-સમાજ સંગઠન સાધે તો કેવું મંગળ પ્રભાત આપણે માણીએ ! આ કાર્ય સાધવામાં જરૂર પડે તો હું મારું "આચાર્ય પદ" છોડી દેવા તૈયાર છું" શાંતિ, પ્રગતિ અને એકતાને માટે સદા તલસતા હૈયાના આ ઉદ્ગારો હતા.

આવી જ ઝંખનાનો ખ્યાલ તેઓશ્રીના પાલીતાણાના ચાતુર્માસ સમયે આપણને આવે છે. ૧૯૯૯ માં અમદાવાદખાતે ઐતિહાસિક સાધુ–સંમેલનની સફળતામાં પણ તેઓશ્રીનો મહત્વનો ફાળો હતો. સવા–સવા માસ સુધી આ સંમેલન ચાલ્યું, ઘણા પ્રશ્નો ચર્ચાયા, કોઇ વખત વાતાવરણ ઉગ્ર પણ બનતું તો કોઇ વખત સંમેલન નિષ્ફળ જશે તેવો ભય પણ રહેતો. આવી કટોકટીના સમયે કોઇ પણ વિષમ પ્રતિપાદન કરવાની યુગવીરની શાન્તશૈલિ અનોખી પ્રભા પાથરતી. સંમેલનની સફળતાના યશના ભાગીદાર આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી આદિ જે હતા તેટલો જ યશ યુગવીરના ફાળે પણ નોંધાયો હતો.

પણ સમયના પ્રવાહની સાથે સાધુ–સંમેલનનું સંગઠિત બળ ઢીલું પડવા લાગ્યું, દિલના ઐક્યતાના રંગ ઓસરતા આવ્યા, સમગ્ર સાધુસમાજ અગાઢ શક્તિનો એક સરવાળો કરી, જે ગૌરવભર્યા શાસન-હિતના કાર્યો કરવાના હતા તે સ્વપ્ન સરતું જતું હોય તેમ લાગ્યું. યુગવીરને મન આ પરિસ્થિતિ સાલતી હતી. સમાજને દિવસ–રાત કોરી ખાતો મત–મતાંતરનો ભવાડો નાશ પામે તો સારું એ એમના દિલની ભાવના હતી. પાલીતાણાના ચાતુર્માસ દરમિયાન સાધુ–સંમેલનની એકવાક્યતાનો મંગળ સૂર તેઓશ્રીએ ઉપસ્થિત કર્યો હતો, એ દિશામાં થોડી કાર્યવાહી પણ ચાલી હતી. કાર્ય આગળ ધપતું આવતું હતું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ કોઇ અમંગળ ચોઘડીએ એ વાત પડી ભાંગી. "સાધુ–સમાજના સંગઠન "ની શુભ ભાવના સ્વપ્નવત્ નીવડી. એમ છતાં યુગવીર–અવધૂતની કૂચ તો એ દિશામાં ચાલુ જ હતી. "સાધુ–સમાજના સંગઠનનું મંથન તો તેઓશ્રીના દિલમાં ચાલુ હતું."

૬૮–૬૮ વરસના નિર્મળ ચારિત્ર પછી, વૃદ્ધાવસ્થા પાકતી આવે છે, પરંતુ આકાંક્ષાઓનો અંત આવતો નથી. એક એક કાર્ય થતું આવે છે તો બીજું નવું કંઇ ને કંઇ કરવાની તમન્ના જાગે છે. મધ્યમ વર્ગ માટે કોન્ફરન્સને પગભર કરી પાંચ લાખનું ફંડ કરાવી આપ્યું, તો એમના દિલમાં "વિશ્વ–વિદ્યાલય" નું સ્વપ્ન સિદ્ધ કરવાની તમન્ના જાગી. પંજાબને જૈનત્વના ગાઢ રંગે રંગવાના કોડ જાગ્યા, વિદેશમાં અને જૈનેતરોમાં જૈન–સંસ્કૃતિનો પ્રચાર કરવા માટે યુગને અનુકૂળ જૈન–સાહિત્ય તૈયાર કરી તેનો બહોળા હાથે પ્રચાર કરવાનું મહામંથન કરવા તેઓશ્રી મુંબઇના શ્રેષ્ઠીઓને નોતરે છે. જીવનનો તાગ આવે પણ આકાંક્ષાઓનો તાગ આવતો જ નથી. એ અબધૂત તો પોતાના મનોરથોની દુનિયામાં આગળ ને આગળ ચાલ્યો જ જાય છે. કોઇ તેઓશ્રીને થાક ખાવાની વિનંતી કરે છે. કોઇ તેઓશ્રીને વૃદ્ધાવસ્થાને અંગે ઘડીભર થંભી જવા વિનવે છે પણ એ યોદ્ધો રોકયો રોકાતો નથી. એમની ભાવના જ્વલંત છે. તેઓશ્રી એક યુવાન યોદ્ધાની માફક જવાબ આપે છે કે

**"ભાગ્યશાળીઓ ! તમે મારી વૃદ્ધાવસ્થા જોઇને મને આરામ લેવા વિનવી રહ્યા છો ને ? પણ અમારે સાધુઓને ગરમી કે શરદી–ટાઢ કે તડકો શું ? આ શરીર શા માટે છે ? અને વૃદ્ધ દેહમાં યુવાન જીવંત આત્મા બેઠો છે તે ભૂલી ગયા ! સંસારનો ત્યાગ કરી આ વેશ પહેરી અમારે ભગવાન મહાવીરની જેમ અમારા જીવનની પળે પળનો હિસાબ આપવાનો છે. આત્મશાન્તિ અને આત્મશુદ્ધિ તો મળતાં મળશે; પણ સમાજ, ધર્મ અને દેશના ઉદ્યોતમાં આ જીવનમાં જે કંઇ ફાળો આપી શકાય તે આપવાનું કર્તવ્ય કેમ ભૂલાય ? આ શરીર તે માટે જ છે, તો છેવટની સુધી તેનો ઉપયોગ કરી લેવો જોઈએ ને ? જે ક્ષણભંગુર હોવાથી એક દિવસ તો જવાનું, તો ત્યાં સુધી શાસનકાર્યો થઈ જાય તે કરી લેવા જોઇએ. જ્યાં સુધી આ નાડીમાં લોહી ફરે છે, હૃદયમાં ધબકારા ચાલે છે ત્યાં સુધી એક સ્થળે બેસવાનો નથી."**

આમ જીવનની પળે પળનો હિસાબ લેતો એ અવધૂત આગળ ને આગળ ચાલ્યો જાય છે.

પંજાબ જૈનત્વથી લીલુંછમ બને છે.
મરુધરમાં અજ્ઞાન–તિમિર દૂર થાય છે.
મુંબઇમાં વિદ્યાલય સ્થપાય છે.

સંગઠન અને મધ્યમ વર્ગના ઉત્કર્ષનો નાદ સમાજમાં ગાજતો થાય છે.

તો પણ એ અબધૂતનું દીલ સમજ્યું સમજાતું નથી. એમની આકાંક્ષાઓ સમાતી નથી.

સમયનો સંદેશ આપતાં આપતાં એ જ્યોતિર્ધર આખરે અનંત જ્યોતમાં ભળી જાય છે.

**ધન્ય એ યુગવીર.**
**ધન્ય એ અવધૂત.**

---

"આપણે આચાર્યશ્રીએ આપેલાં બોધવચનો આપણા જીવનમાં ઉતારવાનાં અને કોઇ પણ સાંપ્રદાયિક ભેદભાવ સિવાય અન્ય ભાઇ–બ્હેનોનાં જીવનમાં ઉતરાવવાનો પ્રયત્ન કરવો જ રહ્યો."

**નાણા, દારૂબંધી અને ઉદ્યોગપ્રધાન શ્રી જીવરાજ મહેતા**

"જૈન સાધુઓમાં એમના જેવા સમયના પ્રવાહને ઓળખીને ધર્મતત્ત્વને સમજાવનારા ઘણા ઓછા હોય છે."

**મજૂર અને આરોગ્યખાતાના પ્રધાન શ્રી શાંતિલાલ શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

विश्ववन्द्य जनमानसकमलदिवाकर, ज्ञानविज्ञानवाचस्पति, आर्तत्राणपरायण नवयुगप्रवर्तक भारतगौरव आचार्य्यदेव श्री श्री १००८ श्रीमद् विजयवल्लभसूरीश्वरजी महाराज के देवलोक प्रस्थान करने पर

## शोकसन्तप्त हृदय से समर्पित–

# श्रद्धाञ्जलि।

भारत माता पूछ रही मेरा वल्लभ गया कहाँ ?
जो मेरी गोदी में आकर प्रथम हास से किया विभो ?
जिसने शैशव प्रथम चरण में पाई थी ज्योती अणमोल,
त्रस्त व्यथित माता के दुःख से उद्वेलित था सदा यहाँ,
व्यथित बना हा मुझ को प्यारा मेरा वल्लभ गया कहाँ ॥ भारत० ॥ १ ॥
तुम बोलो नगराज ! तपस्वी अचल तुम्हारे जैसा था,
तुम तो हो पाषाण दया का रूप मनोहर वल्लभ था,
सत्य अहिंसा मूर्ति रूप वह दुःखियों का अवलम्ब महा,
मेरा प्यारा प्रेम दुलारा बोलो वल्लभ गया कहाँ ॥ भारत० ॥ २ ॥
एक वार गङ्गे तुम बोलो तव समान जो निर्मल था,
कितने को उद्धार किया वह पावन रूप महाबल था,
करती थी वचनामृत धारा जिस के मुख से प्रबल वहाँ,
सत्यं और शिवं सुन्दरं ही प्रगट हुआ था गया कहाँ ॥ भारत० ॥ ३ ॥
हे सूर्य्य देव हे चन्द्र देव करुणा पयोधि वल्लभ सदैव,
बतला दो वह गया कहाँ हे इन्द्र देव हे वरुण देव,
शिक्षा धर्म विकास हेतु जो अपर भगीरथ बना रहा,
लौटा दो कह मां रोती है कहती वल्लभ गया कहाँ ॥ भारत० ॥ ४ ॥
हे काल महाकाल क्यों वल्लभ मुझ से छीन लिया,
जिसे देख प्रमुदित रहती मैं हा तुम उसको उठा लिया,
धर्मद्रोहीयों से अब बोलो कौन बचाये मुझे यहाँ,
रे निष्ठुर निर्दयी विधाता वल्लभ को ले गया कहाँ ॥ भारत० ॥ ५ ॥
वल्लभ ! तेरे दुसह विरह में रोता वह पन्जाब प्रान्त,
देखो खोज रहा तुम को ही व्यथित बना बंबई अशान्त,
सौराष्ट्र तथा गुजरात देश नयनों से आंसु बहा रहा,
मरुधर विलख रहा है कहता वल्लभ मेरा गया कहाँ ॥ भारत० ॥ ६ ॥
जाओ वल्लभ जन्मभूमि हा तुम्हें नहीं विसरायेगी,
जैन समाज ऋणी तेरा है तारी याद कलायेगी,
श्रद्धाञ्जलि अर्पित करते हैं जन जन आंसु धार बहा,
विलख विलख कर यह कहते हैं गुरुवर वल्लभ गये कहाँ ॥ भारत० ॥ ७ ॥

जैन भवन–कलकत्ता
दिनाङ्क २६–९–१९५४

समर्पक
व्यथित **दिनेश मिश्र पंडित**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એવા ધર્મગુરુ આપણને ક્યારે મળે ?

મુંબઇના સુવિખ્યાત દૈનિક "મુંબઇ સમાચાર" માં "પારસી તારી આરસી" ની એક લેખમાળા નિયમિત આવે છે જેમાં પારસી સમાજના પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવે છે. તા. ૫-૧૧-૫૪ ના મુંબઈ સમાચારની આ લેખમાલામાં આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજીને પારસી સમાજ કઇ દ્રષ્ટિએ આવકારે છે? તેનો એક ભાવભીનો લેખ પ્રગટ થયો છે. જે આચાર્યદેવનો જૈનેતર સમાજમાં કેટલો આદરભાવ હતો તે દર્શાવે છે. આ લેખમાળાનો કેટલોક ભાગ નીચે રજૂ કરવામાં આવે છે.

જૈનોના અતિપ્રિય અને મહાવિદ્વાન્ ને તેટલા જ ઉચ્ચ ચારિત્રશાળી સદ્ગુરુ પૂજ્ય શ્રી જૈનાચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી હમણાં જ અવસાન પામ્યા. તે પ્રસંગનો ઉલ્લેખ કરતાં નવસારીખાતે વસતા એક કાબેલ તેટલા જ આદર્શ ચારિત્રશીલ અથોરનાન ભાઈ એરવદ એરચશાહ એદલજી કરકરિયા એક ટૂંકો પણ ઘણો વિચારવંત પત્ર મને લખે છે. શ્રી. 'પારૂષી'

પૂજ્ય જૈનાચાર્ય શ્રી. વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના અવસાનથી જૈન કોમને થયેલો ભારે આઘાત સમજી શકાય એવો છે જ; પરંતુ અન્ય કોમોમાં પણ તેઓશ્રી તરફ એટલો બધો આદર અને પૂજ્યભાવ હતો કે જૈનેતરોને પણ જૈનસમાજ જેટલું જ દુઃખ થયું છે. આર્ય સંસ્કૃતિના ઉત્કર્ષ માટે ભારતની તવારિખમાં જે મહાપુરુષો થઇ ગયા તેમની નામાવલીમાં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિનું નામ પણ યાદગાર જ રહેશે.

પૂજ્ય આચાર્યશ્રીનું જ્વલંત જીવન અને કારકિર્દિ ઉપરથી આપણા અસલ ઇરાનમાંના સાસાન જમાનામાં મહાન જરથોસ્તી દસ્તુરો (ધર્મગુરુઓ)-ની કીર્તિવંત કારકીર્દીનું મોટે ભાગે સ્મરણ થયું છે, કે જે સમયના મહાન ઇરાની દસ્તુરો ધર્મ, રાજકારણ અને પ્રજા ઉત્કર્ષ માટે બહુ મહત્વનો ભાગ ભજવી જતા. દુનિયાદારીનો મોહ ધરાવ્યા વિના ઉચ્ચ પ્રકારના ધાર્મિક જીવન જીવતા તે દસ્તુરો મહાવિદ્વાન્ હતા. તેમના આત્મિક બળનો પરચો સમગ્ર ઇરાની પ્રજા ઉપર પ્રભાવ પાથરતો અને તેવા દસ્તુરનો અવાજ રાજદરબારમાં અને પ્રજામાં પણ ઇશ્વરી સંદેશ જેમ જ સન્માન પામતો.

આ જ રીતે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિએ એક સંસ્થા, એક સમાજ કે એક પ્રાંતિય સરકાર પણ ન કરી શકે એવું અદ્ભૂત કાર્ય પોતાની જૈન કોમ માટે કરી બતાવી, જૈન સમાજ અને જૈન ધર્મને એક સાથે જ મહાન બનાવ્યાં છે. ભારત અને આર્ય સંસ્કૃતિ માટે આચાર્યશ્રી ભારે ગૌરવરૂપ લેખાઇ યુગવીરના બિરુદને ઇંચેઇંચ લાયક પુરવાર થયા છે.

પૂજ્ય આચાર્યશ્રીના અમર જીવન ઉપરથી મારા જેવાને તો આજકાલ એક જ ખ્યાલ આવી શકે છે કે હિંદની એક લાખની પારસી જરથોસ્તી કોમની ધાર્મિક, સામાજિક, અને આર્થિક કટોકટી નિવારવા આવો એક ધર્મગુરુ પારસી કોમમાં હોય તો ? કોમમાં ધર્મગુરુઓની તંગી તો ન કહેવાય ! રીતસર નીમાયલા કે બની બેઠેલા, લાયકાતવાળા કે તે વગરના, વડા દસ્તુરસાહેબો કોમમાં આગળ પણ હતા, આજે પણ છે જ. પરંતુ કોઇક માનવંત અપવાદો બાદ કરતાં હક્ક ઇલાકાની તકરારો અને અંગત ઝગડાઓ વચ્ચે જ તેઓની કારકિર્દિનો અંત આવે છે. સાસાન જમાનાના તે મહાન દસ્તુરો, જેઓ રાજ્ય અને પ્રજા ઉપર એકચક્રે પ્રભાવ પાડી શકતા, જ્યારે હાલની એક લાખની પારસી વસ્તી ઉપર પોતાનો પ્રભાવ પાડી શકે એવી આત્મિક લાયકાત ધરાવનાર એક પણ વડા દસ્તુર આપણી વચ્ચે જાહેરમાં નથી, એ શું ઓછું ખેદજનક છે ? હાલના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાર્મિક રાહબરોના ઢંગધડા માટે આપશ્રીએ આપની લોકપ્રિય કટાર દ્વારા ગયે અઠવાડિયે જ જે ટીકા કીધી છે એની સચ્ચાઇ વિષે કોને શંકા હોય ?

પૂજ્ય જૈનાચાર્ય મહારાજશ્રી વિજય વલ્લભ-સૂરિજીએ એમના લાખો અનુયાયીઓ ઉપર એક ચક્રે શાસન કર્યું અને લાખ્ખોના હૃદયોમાં પૂજ્ય સ્થાન પ્રાપ્ત કર્યું. એમાં તેઓશ્રીની ઉચ્ચ દુન્યવી અને ધાર્મિક લાયકાત, ઉત્તમ ચારિત્ર, ધર્મ અને સમાજ ઉત્કર્ષની ઊંડી ધગશ, સત્ય અને ન્યાયપ્રિય-તાને ખાતર ગમે તે સંજોગોમાં ઝઝુમવા અને ટકી રહેવાની ચીવટાઇ, સાથે જ સ્વાર્થત્યાગ અને નિરા-ભિમાની જે ધર્મ, જે સમાજમાં આવી સમાન લાયકાતવાળા ધર્મગુરુઓ હોય, એ ધર્મ, સમાજ મહત્તાની ઉચ્ચ ટોચે પુગે છે જ.

પૂજ્ય આચાર્યશ્રીના પુનીત આત્માને વંદન કરતાં એટલું જ પ્રાર્થીએ કે આવા આર્યદ્રષ્ટિના સંતપુરુષ દરેક ધર્મોમાં યુગે યુગે પાકે, જેથી આત્મા મુક્તિ અને સાચી માનવતા માટેના ખુદાઈ માર્ગમાં પ્રકાશ પાથરતી જ્યોત વધુ અને વધુ પ્રકાશિત રહો !

લી० એચ એ. કરકરીયા

---

## સ્વ૦ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીને

### — ભક્તિ અંજલી —

( ગઝલ )

ધર્મના ધોરી વિજયવલ્લભ અહા ચાલ્યા ગયા, અજવાળી જૈનાલમ પંથે ગુરુ ચાલી ગયા;
જેણે ગુરુકુલો પાઠશાલા વરદ વિદ્યાલય વળી, સ્થાપ્યા, વહાવે જ્ઞાનગંગા સ્થાપીને ચાલ્યા ગયા;
જ્યાં જ્યાં નઝર નાખું બધે વલ્લભસૂરિ જ જણાય છે, એ જ્ઞાનમૂર્તિ કરી અદા કર્તવ્યને ચાલી ગયા;
હૈયે ચઢી આવે વિજયવલ્લભ અને હૈયું રડે, ને આંસુધારે યાદ વલ્લભ આજ આવી જાય છે;
જ્યાં હો—હજો તમ આત્મને સંપૂર્ણ શાશ્વતશાંતિને, ભક્તિ **હીરા** દીલહાર અર્પણ એજ અંજલિ અર્પાય છે.

**હીરાલાલ જુઠાલાલ શાહ**

× × ×

" આધુનિક જમાનાની જરૂરિયાતોને લક્ષમાં રાખીને જીવન જીવનાર અને ધર્મોપદેશ કરનાર ગણ્યાં-ગાંઠ્યા વિદ્વાન અને ત્યાગી સંતપુરુષો પૈકી એ એક હતા. આ પ્રગતિના જમાનામાં એમની ખોટ સૌને સાલશે. એમણે ચીંધેલા ત્યાગ, સેવા અને જીવનની પવિત્રતાના માર્ગે ચાલવાની શક્તિ આપણને એમના ગયા પછી પણ મળ્યા કરશે તો એમનો પ્રયાસ સાર્થક થયો ગણાશે.

**શ્રી બાબુભાઇ જસાભાઇ**
ડેપ્યુટી મિનિસ્ટર

× ×

તે ઉપરાંત મુંબઇ સરકારના સીવીલ સપ્લાઇઝ મિનિસ્ટર શ્રી યશવંત બી. ચવાણ, રીહેબીલીટેશન અને હાઉસીંગના મિનિસ્ટર શ્રી જી. ડી. તપાસે, દારૂબંધીના ડેપ્યુટી મિનિસ્ટર ડૉ. ટી. આર. નરવાણે, મુંબઇ ધારાસભાના અધ્યક્ષ શ્રી ડી. કે. કુંતે અને ચીફ વ્હીપ શ્રી એસ. એલ. સીલમના સંદેશા મળેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પંજાબ-કેસરી યુગવીર આચાર્યની અંતિમ યાત્રા

## "લાખોના લાડીલાને લાખોની મેદનીએ અર્પેલ ભાવભીની અંજલિ"

પોતાની નાદુરસ્ત તબીયતને અંગે આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે મુંબઈ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં સ્થિરતા કરી હતી. પર્યુષણ પર્વની આરાધનાના સમયે તેઓશ્રી મરીનડ્રાઇવ પર શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલના બંગલે પધાર્યા. પંજાબના કુશળ વૈદ્ય શ્રી વિનાયકરાવ દત્તે તેઓશ્રીની સારવાર શરૂ કરી, મુંબઈના ભકતો અને શિષ્યરત્નો આચાર્યદેવની શુશ્રૂષા કરી રહ્યા હતા. ત્યાં ભાદરવા વદિ ૧૦ ના રાત્રિના ઉલટીનો એક હળવો હલ્લો તેઓશ્રીને થયો, અને એ પ્રાણઘાતક નિવડ્યો.

નવકાર મંત્રનો જાપ જપતા, રાત્રિના ૨-૩૨ મિનિટે તેઓશ્રી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. સારુંય મુંબઈ આ સમાચાર જાણી શોકમગ્ન બન્યું, ભાવિકોની માનવ-મેદની મરીનડ્રાઇવ તરફ ઉભરાવા લાગી. પ્રાતઃકાળ થતા જ આચાર્ય વિજયસમુદ્રસૂરિજી, ઉપાધ્યાય શ્રી પૂર્ણાનંદવિજયજી આદિ શિષ્યવૃંદ લાલબાગના ઉપાશ્રયેથી આવી પહોંચ્યું અને ગુરુદેવનો મૃતદેહ એક ડોળીમાં બિરાજમાન કરી, ગોડીજીના ઉપાશ્રયે લાવવામાં આવ્યો.

૬૮ વરસના પૂનીત દીક્ષાપર્યાયથી પોતાની ૮૪ વરસની જીવનયાત્રાને યશસ્વી બનાવી ધન્ય જીવન જીવનાર આચાર્યદેવનો નિર્વાણ મહોત્સવ ઉજવવાનું મુંબઈને સદ્દભાગ્ય સાંપડે એ જેમ મુંબઈને મન વિરલ પ્રસંગ હતો, તેમ સંપ, સંગઠન અને માનવતાનો મહાન્ પૂજારી યુગવીર જ્યોતિર્ધર ખરા સમયે પોતાના વચ્ચેથી ચાલી નીકળ્યો તેનું દુઃખ પણ મુંબઈને હતું. આમ હર્ષ અને શોકની મિશ્ર લાગણીઓથી ઉભરાતી ભાવિકોની વિપુલ માનવમેદની આચાર્યદેવના અંતિમ-દર્શન માટે ગોડીજીના ઉપાશ્રયે ઉભરાણી, પાયધુનીનો વિશાળ ચોક, અટારીઓ અને રસ્તાઓ ભકતોથી ઉભરાઈ જતાં ઘડીભર ટ્રાફીકનો વહેવાર સ્થંભી ગયો.

આચાર્ય વિજયામૃતસૂરીશ્વરજી, ઉપાધ્યાય વિનયસાગરજી, મુનિવર્ય શ્રી ગુલાબમુનિ, સેવાપ્રેમી શ્રી શુભવિજયજી આદિ સાધુ સાધ્વીવૃંદ આચાર્યદેવના અંતિમ દર્શન માટે આવ્યા હતા.

શહેરમાં શેર બજાર, સોનું, ચાંદી, ઝવેરાત, એરંડા, રૂ, કાપડ, દવા વગેરે મુખ્ય મુખ્ય તમામ બજારો ગુરુદેવના માનમાં બંધ રાખવામાં આવ્યા હતા. શહેરભરમાં ભક્તિભર્યું ગમગીન વાતાવરણ પ્રસર્યું હતું. કુદરતે પણ આકાશમાં મેઘધનુષ્ય આળેખી ગુરુદેવને અંજલિ સમર્પી હતી.


રેડીયોદ્વારા પ્રભાતે જ આ દુઃખદ સમાચાર બ્રોડકાસ્ટ કરવામાં આવતા હિન્દભરમાં સર્વત્ર શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. ગુરુદેવને અંતિમ અંજલિ આપવા માટે પંજાબીઓએ ખાસ વિમાન• દ્વારા મુંબઈ પહોંચવાનો પ્રબંધ કર્યો. સુરત, વડોદરા, અમદાવાદ, આદિ પહોંચી શકાય તેવા શકય સ્થળોએથી હજારો ભક્તો રેલ્વે દ્વારા આવી પહોંચ્યા, અને રૂા. ૨૦૦૧ના આદેશથી શેઠ માણેકલાલ ચુનીલાલે પાલખી ઊપાડી, અને "જય જય નંદા, જય જય ભદ્રા "ના શોકમિશ્રિત ભક્તિભર્યા બુલંદ અવાજો વચ્ચે એક વાગે ગુરુદેવની સ્મશાનયાત્રા લાખોની માનવ મેદની વચ્ચેથી નીકળી.

આચાર્યદેવ માત્ર શ્વે. જૈન સમાજના ન હતા, ચારે ફીરકાની એકતાના તેઓશ્રી પ્રાણ હતા. હજારો જૈનેતર વિદ્વાનો અને સંસ્કારપ્રેમી જનતાએ તેઓશ્રીને પોતાના હૃદયમાં ગુરુદેવ તરીકે સ્થાપ્યા હતા, જ્યારે પાયધુનીથી આ ભવ્ય સ્મશાનયાત્રા ભાયખાલા તરફ અંતિમ પ્રયાણ કરી રહેલ ત્યારે લાખોની માનવ મેદનીમાં તમામ સંપ્રદાયના શ્રાવકો, તમામ કોમના ભાવિકો અને વિદ્વાનો અજબ નયને નજરે પડતા હતા ત્યારે સ્હેજે બોલી જવાતું હતું કે ગુરુદેવના દિલમાં એકતાનો જે દિવ્ય નાદ ગાજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્યદેવની સ્મશાનયાત્રામાં લાખો જૈન અને જૈનેતર
ભાવિકોએ સામેલ રહી ભાવભીની અંજલી અર્પી હતી :
ઉપરની તસ્વીરમાં લાખોના માનવમહેરામણુ વચ્ચે પૂ. આચાર્યદેવની શિબિકા નજરે પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અંતિમ-દર્શંન

મુંબઇ નગરીના ભાયખલા-શેઠ મોતીશાહ પાર્કમાં, પોતાના સુકૃત્યોની સુવાસ મુકી જ્યારે આચાર્યદેવના નશ્વર દેહે આખરી વિસામો લીધો તે સમયે લેવાએલ તસ્વીર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્યદેવની ભવ્ય સ્મશાનયાત્રા જ્યારે ભાયખલા આવી ત્યારે લેવાએલ તસ્વીર :
જેમાં આચાર્યદેવના મુખ પરની કાન્તિ આબેહૂબ ઝળહળી રહેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યો હતો, તેની પ્રતીતિ આજની સ્મશાનયાત્રામાં થઈ રહી છે.

માર્ગમાં શેરીઓ અને અટારીઓમાં મધપુડાની જેમ ઊમટી પડેલ માનવ મેદની ગુરુદેવને અક્ષત, ગુલાલ અને નાણાંથી વધાવી રહી હતી, અને પોતાના પૂજ્ય ગુરુદેવના ચરણે અંતરના પ્રેમ અને ભક્તિ-પૂર્વક અંજલિ અર્પતું આ દશ્ય જૈનોની અપૂર્વ "ગુરુભક્તિ"નો ઉચ્ચ ખ્યાલ આપી રહ્યું હતું. મુંબઈની તવારીખમાં આ સ્મશાનયાત્રા અપૂર્વ હતી–ભવ્ય હતી.

મોખરે જૈન સ્વયંસેવક બેન્ડ અને બીજા સાત આઠ બેન્ડો તથા જુદી જુદી સંસ્થાઓના બે હજાર સ્વયંસેવકો અને દોઢ સો જેટલા પોલીસ કોન્સ્ટેબલો અને પોલીસ ઉપરીઓ સ્મશાનયાત્રાની વ્યવસ્થા જાળવી રહ્યા હતા. અને માર્ગમાં ગરીબોને ટોપલા મોઢે અનાજ, રોકડ અપાઈ રહ્યું હતું. આ રીતની ભવ્ય સ્મશાનયાત્રા ઝવેરી બજાર, પ્રીન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી, ગુલાલવાડી, ડંકનરોડ આદિ મુખ્ય લત્તાઓમાં થઈ અઢી કલાકે મોતીશાના પાર્કમાં આવી હતી.

ભાયખલાના મોતીશા પાર્કમાં સવા પાંચે ચંદનની ચિત્તા રચવામાં આવી આચાર્યદેવનો પૂનીત દેહ તેના પર પધરાવવામાં આવ્યો. હજારો માનવીના નયનો અશ્રુથી ભીંજાયા, અને શેઠ સકરચંદ મોતીલાલે રૂા. ૨૧૦૦૧ ) થી આદેશ લઈ આચાર્યદેવના દેહને અગ્નિ–સંસ્કાર કર્યો. સૌના ધબકતા હૈયા ઊંડી વેદનાથી ઉભરાયા. વાતાવરણ વધુ ગમગીન બન્યું અને ગુરુદેવની જીવનજ્યોત, અનંત જ્યોતમાં મળી ગઈ.

ગુરુદેવનું સ્મારક કરવા માટે આ પ્રસંગે ભકતોમાં વિચાર આવતા તે સમયે જ રૂપિયા પચીસ હજાર નોંધાવા પામ્યા હતા.

બીજી બાજુ આચાર્યદેવના પટ્ટધર આ. વિજય-સમુદ્રસૂરીશ્વરજીના નેતૃત્વ નીચે દેવવંદન કરવામાં આવેલ.

ગુરુદેવને અંજલિ અર્પવા માટે શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તથા ૧૬૦ જેટલી અન્ય સંસ્થાઓ તરફથી તા. ૨૬ મી સપ્ટેમ્બરના રોજ આઝાદ મેદાનમાં સર પરસોતમદાસ ઠાકોરદાસના પ્રમુખપણા નીચે જાહેર સભા યોજવામાં આવી હતી. જ્યારે શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ, શ્રી ગણપતિશંકર દેસાઈ, મુનિવર્યશ્રી જનકવિજયજી, માલેરકોટડાનિવાસી શ્રી ખેરાતીલાલ આદિએ ગુરુદેવની અનેકવિધ સેવા સંબંધી મનનીય વિવેચનો કર્યા હતા. અને આચાર્ય-દેવના અધૂરાં રહેલાં કાર્યોને અપનાવી લેવા માટે વિનતી કરી હતી.

આ સિવાય મુંબઈ મ્યુનિસિપાલીટી, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ શહેર તેમ જ પરાની ઘણી સંસ્થાઓએ જાહેર સભા મેળવી શોકાંજલિ અર્પી હતી. તથા મ્યુનિસિપાલીટીએ આચાર્યદેવના માનમાં એક દિવસ પોતાનું કામકાજ બંધ રાખ્યું હતું.

આ દુઃખદ સમાચાર હિન્દભરમાં પહોંચતા, ચોમેરથી શોકાંજલિ અર્પતા સેંકડો સંદેશાઓ અને ઠરાવો કરવામાં આવ્યાના સમાચારો મુંબઈખાતે આવી રહ્યા હતા. જેમાંના કલકત્તા, અમદાવાદ, વડોદરા, સુરત, ભરૂચ, રંગુન, ખંભાત, નવસારી, મોરબી, બરોડા, જુનાગઢ, તળાજા, આદિ અનેક સ્થળોના ઠરાવો અમોને પ્રકાશનાર્થે મળ્યા છે. જે સ્થળ–સંકોચને અંગે અમો પ્રગટ કરી શકયા નથી, તે બદલ દિલગીર છીએ.

કોઈ પણ ગુરુદેવના સ્વર્ગવાસ સમયે આટલું માન ભાગ્યે જ મળ્યું હોય, તેમ અનેક મહાન પુરુષોએ પણ ગુરુદેવને પોતાની અંજલિ અર્પી છે. આ તમામ હકીકતનો વ્યવસ્થિત સંગ્રહ ભવિષ્યમાં પ્રગટ કરવામાં આવે તો સારું એમ અમોને લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાવનગરની અંજલિ

આચાર્યદેવના સ્વર્ગવાસના સમાચાર રેડીયો અને તારદ્વારા અત્રે આવતા શહેરનું વાતાવરણ ગમગીન બન્યું હતું. અને તરત જ કાપડબજાર, ઉંડીવખાર, દાણાપીઠ, સુખડીયા બજાર વગેરે મુખ્ય બજારોમાં પાખી પાળવામાં આવી હતી. તથા શ્રી જૈન આત્માનંદ જૈન સભા તરફથી ઢોરોને લીલોચારો નખાવવામાં આવ્યો હતો, તેમજ પૂજા ભણાવવામાં આવી હતી.

આચાર્યદેવને અંજલિ અર્પવા માટે ગોહિલવાડ વિભાગના મે. કલેકટર સાહેબ શ્રીયુત જમનાદાસભાઇના પ્રમુખપણા નીચે ભાવનગર જૈન સંઘની જાહેર સભા મોટા દેરાસરજીના ચોકમાં રાત્રીના સાડાઆઠ વાગે મળતાં માનવમેદની સારા પ્રમાણમાં એકત્ર થઇ હતી.

આરંભમાં શ્રી ચત્રભુજ જેચંદ શાહે નિવેદન રજૂ કરવા બાદ શ્રીયુત્ જગજીવનદાસ શિવલાલ પરીખે સૂરિજીના જીવનનો પરિચય કરાવતા જણાવ્યું કે–દુનિયામાં ત્રણ પ્રકારના માનવીઓ છે; ક્રાન્તિકારી, સ્થિતિચુસ્ત અને મધ્યસ્થ. આ મધ્યસ્થ વર્ગને જૂના ને નવાનો સારાસાર તારવીને સત્ય તત્ત્વ તારવાનું હોય છે અને જનતાને એ માર્ગે દોરવાની હોય છે. આ કાર્ય વિષમ છે. પૂ. આચાર્યદેવ મધ્યસ્થમાર્ગી હતા, તેઓશ્રીને આધુનિક શિક્ષણનો પ્રચાર કરવો જરૂરી લાગ્યો અને શ્રી મહાવીર જૈન વિદ્યાલય આદિ અનેક શિક્ષણ સંસ્થાને જન્મ આપ્યો. સંગઠન, મધ્યસ્થ વર્ગનો ઉત્કર્ષ અને એવા કાર્યો જરૂરી લાગ્યા અને એ માટે બનતું કર્યું. આવા અનેક શુભ કાર્યોના સંસ્મરણો આપણી સમક્ષ તેઓશ્રી મૂકતા ગયા છે.

ભાવનગરને માટે મારે આ પ્રસંગે કહેવું જોઇએ કે–તેનું સ્થાન સંસ્કાર અને શિક્ષણપ્રેમી તરીકે આગળ પડતું છે. આજે સૌરાષ્ટ્રમાં વધુ વિદ્યાલયો ભાવનગરમાં છે, પણ તેની સામે આપણા જૈન વિદ્યાર્થીઓ માટે અભ્યાસ કરવાની પૂરતી સગવડવાળી જૈન શિક્ષણ સંસ્થા ઉપસ્થિત કરી શકયા નથી. ગુરુદેવને અંજલિ અર્પવા માટે આપણે એકત્ર થયા છીએ એવા સમયે ગુરુદેવનો શિક્ષણ-પ્રેમ ધ્યાનમાં રાખીને આપણે ભાવનગરમાં જૈન વિદ્યાર્થીઓ માટે પૂરતી સગવડ ધરાવતું એક શિક્ષણકેન્દ્ર સર્જવાની જરૂર છે.

ત્યારબાદ પ્રમુખસ્થાનેથી શ્રીયુત જમનાદાસભાઇએ ગુરુદેવના વિદ્યાપ્રેમ, સંગઠનપ્રેમ, અને સંસ્કારપ્રેમનો પરિચય કરાવી નીચેનો ઠરાવ રજૂ કર્યો હતો, જે સમસ્ત સભાએ ઊભા થઇ નવકાર મંત્રના સ્મરણપૂર્વક પસાર કર્યો હતો.

શ્રી ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપા સંઘની આજ તા. ૨૨–૯–૫૪ ના રોજ મળેલી સભા પરમ ઉપકારી પંજાબકેસરી યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ મુંબઇ શહેરમાં આજરોજ પ્રાતઃકાળે કાળધર્મ પામ્યા છે, તે બાબત શ્રી સંઘ અત્યંત દિલગીરી દર્શાવે છે. તેઓશ્રીના કાળધર્મ પામવાથી સમસ્ત હિન્દનાં જૈન સંઘને પૂરી શકાય નહિ તેવી મહાન્ ખોટ પડી છે, તેમ આ સંઘ માને છે. આધુનિક કાળમાં જૈન ધર્મનો ઉદ્યોત તથા જૈન સંઘની ઉન્નતિ માટે તેમણે એક પ્રભાવિક યુગવીર આચાર્ય તરીકે કરેલાં ઘણા પ્રશંસનીય કાર્યો પ્રત્યે આ સંઘ ઘણું માન સાથે ભક્તિભાવ દર્શાવે છે. અને સ્વર્ગસ્થ આચાર્યશ્રીના આત્માને શાન્તિ અર્થે પ્રાર્થના કરે છે.

બીજા દિવસે ગુરુવારે શ્રી જૈનધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા તથા શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાના આશ્રય નીચે રાત્રિના આઠ કલાકે જૈનોની જાહેર સભા શ્રી આત્માનંદ સભાના શેઠ ભોગીલાલ મગનલાલ લેકચર હોલમાં લોકસેવક શ્રીયુત જગજીવનદાસ શિવલાલ પરીખના પ્રમુખપણા નીચે મળતા શ્રી ચત્રભુજ જેચંદ શાહે નિવેદન કર્યું. શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીએ ગુરુદેવના જીવનનો પરિચય કરાવ્યો (જે અન્યત્ર લેખરૂપે આપેલ છે.) ગુરુદેવની વિવિધ સેવાઓનો ખ્યાલ આપતા, ગુરુદેવના અધૂરા રહેલ કાર્યોને અપનાવી લેવા તથા ભાવનગર ખાતે બોર્ડીંગને વિકસિત કરવાની જે વાત ગઇ કાલની સંઘની સભામાં રજૂ કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી છે તેને માટે યોગ્ય સૂચન કર્યું હતું. બાદ પ્રમુખસ્થાનેથી શ્રીયુત જગુભાઇએ ગુરુદેવના જીવન-પ્રદેશ ઉપર મનનીય પ્રકાશ પાડતા જૈનેતરોમાં જૈન સાહિત્યનો પ્રચાર કરવા માટે ગુરુદેવના દિલમાં છેલ્લી છેલ્લી જે ભાવના રમી રહી હતી તેનો ખ્યાલ આપી જેની સમક્ષ આપણે જૈન સાહિત્ય મૂકવા માગીએ છીએ તે જનતાની રુચીનો અભ્યાસ કરી તેઓને ગમે તેવા રૂપમાં આપણું સાહિત્ય તૈયાર કરવા તથા ભાવનગર જૈન બોર્ડીંગના વિકાસ માટે યોગ્ય કરવા સર્વેનું ધ્યાન ખેંચ્યું હતું. છેવટ નવકાર મંત્રના સ્મરણપૂર્વક નીચેનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

## ઠરાવ

પંજાબ દેશોદ્ધારક યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ, મુંબઇખાતે ભાદ્રપદ વદિ અગિયારશ બુધવારે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાના સમાચારની નોંધ લેતા આજરોજ મળેલ ભાવનગર શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા તેમજ શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાની સંયુક્ત સભા પોતાની ઊંડી સમવેદના વ્યક્ત કરે છે. પંજાબમાં જૈન શિક્ષણ અને સંસ્કારનું ઘડતર કરવામાં એક કુશળ ઘડવૈયા તરીકે તેઓશ્રીએ અદ્વિતીય સેવા બજાવી છે, શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના અને તેના ઉત્થાનમાં તેમજ મારવાડ આદિ પ્રદેશમાં શિક્ષણ-સંસ્થાઓ ઉપસ્થિત કરવામાં એક સતત શિક્ષણપ્રેમી તરીકે તેઓશ્રીનો સુંદર ફાળો કદી ન ભુલાય તેવો છે. શ્રી જૈન શ્વે. કોન્ફરંસને નવું જીવન આપી સમાજમાં સંગઠન અને બધાય વર્ગનાં ઉત્કર્ષનું ઉચ્ચ આંદોલન ઉપસ્થિત કરવાની અવિરત ભાવના તેઓશ્રીના દિલમાં નિરન્તર વહેતી હતી. રાષ્ટ્રવિધાન, શાસનોદ્ધાર, સાહિત્યોદ્ધાર અને માનવતાના સર્જન માટે તેઓશ્રી હરહંમેશ જાગૃત રહેતા હતા. આવા એક પ્રતિભાશાળી, મધ્યસ્થ અને નીડર યુગવીરની જૈન સમાજને ખરે વખતે જે ખોટ પડી છે તે કદી ન પુરાય તેવી છે.

આ સંયુક્ત સભા સ્વર્ગસ્થના આત્માને પરમશાંતિ પ્રાપ્ત થાઓ એમ નમ્રભાવે પ્રાર્થે છે.

આ ઉપરાંત શ્રી સંઘ, મહિલા મંડળ, વડવા-જૈન સમુદાય, દાદા સાહેબ સમુદાય તરફથી જુદા જુદા દિવસે વિવિધ પૂજાઓ ભણાવવામાં આવી હતી. તેમજ આચાર્ય વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજના નેતૃત્વ નીચે દેવ વાંદવામાં આવ્યા હતા. અને ઉપાધ્યાય શ્રી ધર્મવિજયજી મહારાજે વડવા ખાતે વ્યાખ્યાન સમયે ગુરુદેવના જીવનનો પરિચય અંગે વિવેચન કર્યું હતું તેમજ આ સમયે શ્રી ગુલાબચંદ લલ્લુભાઇએ ગુરુદેવનો પરિચય કરાવ્યો હતો.

## આભાર.

આ. વિજયવલ્લભસૂરીશ્વરજીના સ્વર્ગવાસ અંગે આ અંક શ્રદ્ધાંજલિરૂપે પ્રગટ કરવાનું વિચારવામાં આવતાં જ ઘણા વિદ્વાનોનાં લેખો, કાવ્યો વગેરે અમોને મળેલ છે. જે તમામને ન્યાય આપવા જેટલી અમારી પાસે જગ્યા ન હોવાથી તેમાંના કેટલાક કાવ્યો-લેખો અને શ્રીયુત્ કોરાએ ખાસ શ્રમ લઇને પાઠવેલ ઘણા સંઘના ઠરાવોને અમો આ અંકમાં સ્થાન આપી શકયા નથી તે માટે દિલગીર છીએ અને જે ભાઈઓએ લેખસામગ્રી મોકલી છે તે સૌનો આ તકે આભાર માનીએ છીએ. **તંત્રીમંડળ.**

## કાળધર્મ પામ્યા

આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના વયોવૃદ્ધ શિષ્યરત્ન મુનિ મહારાજશ્રી વિચારવિજયજી મહારાજ, તેઓશ્રી દીલ્હીખાતે મુનિવર્યશ્રી પ્રકાશવિજયજી મહારાજ સાથે ચાતુર્માસ બિરાજમાન હતા તેઓશ્રી એકાએક હૃદય બંધ પડવાથી આસો વદ બીજ બુધવારે કાળધર્મ પામ્યાના દુઃખદ તાર સમાચાર અમોને મળતા અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

તેઓશ્રીનો દીક્ષાપર્યાય દીર્ઘ હતો, એક ચારિત્રશીલ, શાન્ત અને વિનયી શિષ્ય તરીકે તેઓશ્રી સુવિખ્યાત હતા. અમો સ્વર્ગસ્થના આત્માની શાન્તિ પ્રાર્થીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## " जीवनभर श्रेष्ठ कार्य करते करते वह चले गये। "

" समाज सुधार और शिक्षण को महत्व देनेवाली और उस वास्ते सदैव प्रयत्नशील रहनेवाली उनकी जैसी विभूतिआँ साधु संप्रदाय में कचित ही मीलगी। "

" जग जग बड़ी बड़ी शिक्षण संस्था स्थापन करके जैन समाज के मध्यम वर्गमें शिक्षण का प्रचार करने के वास्ते उनोने बहोत परिश्रम उठाया है यह बात सब कोई जानते हैं। सांप्रदायिक हो कर भी संप्रदाय का अभिमान न रख कर सब के प्रति वे समभाव रखते थे। "

" इस वास्ते ही जैन और जैनेतर के मन में उनके प्रति आदर और पूज्यभाव था और ईसी कारण उनके जाने से उनको जाननेवाले हरेक व्यक्ति के मन में दुःख का भाव उत्पन्न हुआ है। "

" जीवनभर श्रेष्ठ कार्य करते करते वह हमारे में से चले गये हैं। सब को इसका दुःख लगना स्वाभाविक है, तो भी इस समय हमे उनके पवित्र जीवन का और उपदेश का स्मरण करके उनके अपूर्ण कार्य को पूरा करने के वास्ते प्रयत्नशील रहने का निश्चय करना चाहीये। "

" इनके प्रति हमारे मन में आदर और सद्भाव हो उनके पीछे हमारा ये ही कर्तव्य हो जाता है और इस प्रकार का निश्चय ही उनके प्रति सच्ची श्रद्धाञ्जलि है। "

—श्री केदारनाथजी

*

## एकता के हामी थे।

आज का युग समन्वय धार्मिक सहिष्णुता का युग है। इसके अनुकूल चलना व वैसा ही वातावरण बनाना प्रत्येक व्यक्ति का कर्तव्य है। आचार्य श्री विजयवल्लभसूरिजी समन्वय, सद्भावना और एकता के हामी थे। उन जैसी जैनों की एकता की भावना और प्रयत्न अन्यत्र कम देखने में आता है। पिछले कुछ समय से वे उसके लिये अहर्निश प्रयत्नशील रहे। मेरी उनसे मुलाकात हुई और आधे घन्टा तक उनसे सौहार्दपूर्ण वार्तालाप चला कि जैन एकता के लिए उनके हृदय में तड़प है। उनकी यह समन्वय-मूलक भावना मेरे हृदय में और ज्यादा गहरी बनी और उनके प्रति मेरी जो आदर की भावना थी उसमें वृद्धि हुई! जो समन्वय व नैतिक उत्थान मूलक कार्यक्रम हमारी तरफ से वर्तमान में चले रहे है, उनकी भी वैसे कार्यों में रुचि थी। जैन दर्शन और धर्म की प्रति उनकी भावना प्रगाढ़ गौरवपूर्ण थी।

यद्यपि आज उनका स्थूल शरीर यहाँ पर विद्यमान नहीं है लेकिन जनता को उनसे जो एकता और समन्वय की भावना मिली है वह मिटनेवाली नहीं है।

उनका कार्य समन्वय और सद्भावना का था। मुझे आशा है कि उनके शिष्य व अनुयायी उनकी इस भावना को सफल बनाने व आगे बढ़ाने में प्रयत्नशील रहेंगे।

—आचार्यश्री तुलसी



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમર અંજલી

( રાગ–આ બાલ્યવયમાં કોઇનાં માતાપિતા મરશો નહિં )

એક પહાડ સમ શક્તિ, અમારા સંઘની ચાલી ગઇ; યુગવીર આચાર્યતણી, સમાધિ મુંબઇમાં થઇ. ૧
ગુરુદેવ વિજયાનંદના, પટ્ટધર પંજાબકેસરી; યુગને પિછાણીને, કરી સમાજની સેવા ખરી. ૨
પંજાબને જાગ્રત કર્યો, જૈન ધર્મનાં મેદાનમાં; જ્યોતિ જગાવી વીરની, કરી ગર્જના ચોગાનમાં. ૩
મહાવીર વિદ્યાલય સમું, મહાધામ મુંબઇ શહેરમાં; અનેક કેલવણી લઇ, શોભી રહ્યા છે સમાજમાં. ૪
આત્માનંદ સભાતણા, મહામહારથી ચાલ્યા ગયા; મધ્યમ વર્ગનાં મિત્ર સાચા, આજે રે ! ગુમાવીયા. ૫
વીર વલ્લભવિજયની, વાણી મનોહર સાંભળી; લાખોતણા ફંડો થતા, પરમાર્થનાં કાર્યો મહીં. ૬
તીર્થોદ્ધારક પ્રથમ, બીજા આગમોદ્ધારક ગયા; જ્ઞાનોદ્ધારક સ્થંભ ત્રીજા, આજે એ ઉપડી ગયા. ૭
વીર વલ્લભવિજયનાં, કાર્યો આગળ ધપાવજો; અંજલી ' અમર ' તણી, ગુરુદેવ દિલની સ્વીકારજો. ૮

**અમરચંદ માવજી શાહ**

---

# વિરહ–કાવ્ય

( લલિત છંદ )

ગુરુજી માહરા આપ તો ગયા, શિષ્ય પ્રશિષ્ય ઝૂરતા રહ્યા;
ગુરુજી હવે મારું શું થયે, શંકા સમાધાન કોણ કરશે ? ૧
ગુરુજી માહરા પ્રેમથી નમું, મન વચન કરી પાપથી ખમું;
દર્શન આપનાં દીલમાં રમે, વિમળ ગુરુજી સર્વને ગમે. ૨
જગત ગુરુસમ જ્યાં ત્યાં વિચરી, યશ જ્ઞાનની પ્રગટી ઝરી;
વર્ણ સર્વને બોધતો કરી, લક્ષ લોકને બુઝાવ્યા ફરી. ૩
ભવકૂપમાં કુમત ડૂબતા, શુભ ભાવથી હિંસા ત્યાગતા;
રીસ તો નથી કોઇ ઉપરે, જીવ સર્વને આપ ઉધરે ૪
કસાઇ લોકને બુઝાવ્યા વળી, લીલા આપની જાય નવ કળી;
દેશ પ્રદેશ વિદ્યાલય કરી, ગુરુજી વચન શીર તો ધરી. ૫
ઠેર ઠેર તો પાઠશાળા કરી, શિષ્ય પ્રશિષ્ય બોધ તો કરી;
કુસંપ હોય જ્યાં ત્યાંય વિચરી, તડ હોય ત્યાં સમાધાન કરી. ૬
કલિકાળમાં પંજાબકેસરી, લક્ષ લોકને બુઝવ્યા કરી;
પરમ સ્નેહથી ગુરુ શિર ધરી, તનમનથી પંજાબ વિચરી. ૭
રટું હું નિત્ય વલ્લભસૂરિ, ગાઢ મનનો, પંજાબકેસરી;
યુગ કલિકાલસર્વજ્ઞ ધણી, શશિ સમભાવ દયા કરો ઘણી. ૮
હોઇ તુમ બાળ **વિનય** વિનવે, વેષ સર્વ આ તુમ કૃપા વડે;
ગુરુજી માહરા આપ તો ગયા, શિશુ બાળને છોડતા ગયા ૯*

**સાહિત્યપ્રેમી કવિવર્ય·વિનયવિજયજી મહારાજ**

---

* સાહિત્યપ્રેમી કવિવર્ય વિનયવિજયજી મહારાજે ઉપરનું કાવ્ય શોકસભામાં ભીની આંખે ગાઇ સંભળાવ્યું હતું અને બહુ દિલગીરી દર્શાવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

# જાહેર ખબર

આ સભા તરફથી બહાર પાડવામાં આવેલ નીચેના સંસ્કૃત-માગધી ભાષાના મૂળ તથા ટીકાયુક્ત કિંમતી ગ્રંથોનો સ્ટોક લગભગ ખલાસ થવા આવ્યો છે, પરંતુ કેટલાક ગ્રંથભંડારો અને સાહિત્યપ્રેમીઓની ખાસ માગણી આવતાં સભાના અનામત રાખવામાં આવતા સ્ટોકમાંથી નીચેના પુસ્તકો તેમાં દર્શાવવામાં આવેલ કિંમતે આપવાનો નિર્ણય કર્યો છે, તો જેઓને જરૂર હોય તેઓએ તરત મંગાવી લેવા કૃપા કરવી. વેચાણ માટે કાઢવામાં આવેલ આ ગ્રંથો બહુ અલ્પ પ્રમાણમાં છે, જે ખલાસ થવા બાદ તે ગ્રંથ મળી શકશે નહિ.

| | | | |
|---|---|---|---|
| ૧. | વસુદેવ હિન્ડી : પ્રથમ અંશ | મૂલ્ય | રૂા. ૭) |
| ૨. | ,, ,, દ્વિતીય ,, | ,, | રૂા. ૭) |

[ બન્ને ભાગ સાથે આપવામાં આવશે. ]

| | | | |
|---|---|---|---|
| ૩. | આ. દેવેન્દ્રસૂરિકૃત ટીકાયુક્ત-કર્મગ્રંથ ભાગ ૧ લો [ એકથી ચાર ] | મૂલ્ય | રૂા. ૬) |
| ૪. | ,, ભાગ ૨ જો [ પાંચથી છ ] | ,, | રૂા. ૬) |

[ બન્ને ભાગ સાથે આપવામાં આવશે. ]

| | | | |
|---|---|---|---|
| ૫. | બૃહત્ કલ્પસૂત્ર ભાગ ૨ | મૂલ્ય | રૂા. ૧૫) |
| ૬. | ,, ,, ભાગ ૩ | ,, | રૂા. ૧૫) |
| ૭. | ,, ,, ભાગ ૪ | ,, | રૂા. ૧૫) |
| ૮. | ,, ,, ભાગ ૫ | ,, | રૂા. ૧૫) |
| ૯. | ,, ,, ભાગ ૬ | ,, | રૂા. ૧૬) |

ઉપરના ગ્રંથો મંગાવનારને કારતક શુ. ૧૫ સુધી કમીશન ટકા ૧૨½ આપવામાં આવશે. દરેકનું પોસ્ટેજ અલગ સમજવું. પુસ્તકો રેલ્વે પારસલથી મંગાવવાથી ખર્ચ ઓછો આવશે તો રેલ્વે રસ્તે મંગાવનારે ગ્રંથોની કિંમત અગાઉથી મોકલી આપવા કૃપા કરવી, જે મળેથી પુસ્તકો રેલ્વે-પારસલથી તરત રવાના કરવામાં આવશે.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર**

**હવેના અંકમાં સભાનું બંધારણ આવવાનું છે તો અંક ૪-૫ સંયુક્ત તા. ૧૫-૧૨-૫૪ માગશર વદ ૬ બહાર પડશે.**

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only